Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર - ૩૬૪૦૦૧

આત્મ સંવત : ૩૪
વીર સંવત : ૨૪૫૫
વિક્રમ સંવત :
પુસ્તક : ૨૭

સને :

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# આત્માનન્દ પ્રકાશ.

( દર માસની પૂર્ણિમાએ પ્રકટ થતું માસિકપત્ર. )

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदयद्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पपादप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रियसुहृल्लोभान्न चान्यो रिपु ।
र्युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥

પુ૦ ૨૭ મું. વીર સં. ૨૪૫૫. શ્રાવણ. આત્મ સં. ૩૪. અંક ૧ લો.

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## વિષયાનુક્રમણિકા.

| | | | |
|---|---|---|---|
| ૧ વર્ષારંભે મંગલ આરાધન. ... | ૧ | ૬ ભરમ પછવાડેનો ભેદ. ... | ૧૭ |
| ૨ નૂતન વર્ષનું મંગલમય વિધાન ... | ૩ | ૭ સમાધિ. ... | ૧૯ |
| ૩ સુખ તથા સાફલ્ય. ... | ૯ | ૮ શરીર પર મનની અસર. ... | ૨૧ |
| ૪ અનુભવ વચનો. ... | ૧૪ | ૯ પ્રકીર્ણ. ... | ૨૨ |
| ૫ પ્રશ્નોત્તર સમસ્યાઓ. ... | ૧૬ | ૧૦ સ્વીકાર અને સમાલોચના ... | ૨૩ |

મુદ્રકઃ—શા. ગુલાબચંદ લલ્લુભાઇ. આનંદ પ્રી. પ્રેસ સ્ટેશન રોડ—ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# અમારા માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ.

૧ જૈન નરરત્ન ભામાશાહ. ૨ શ્રી વિમલનાથ ચરિત્ર.
૩ શ્રી ચંદ્ર પ્રભુ સ્વામી ચરિત્ર.

પ્રથમ ગ્રંથ તૈયાર છે. બીજા ગ્રંથનું બાઇન્ડીંગ થાય છે. ગયા વર્ષના ૧૧મા અંકમાં ભેટના ત્રીજા ગ્રંથ તરીકે શ્રી પ્રભાવક ચરિત્ર ભેટ આપવા જણાવેલ, પરંતુ તે ગ્રંથ છપાતો હોવાથી, અને તૈયાર થતાં ઢીલ થાય તેમ હોવાથી તેને બદલે શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર કે જે ગ્રંથ લગભગ છપાઇ જવા આવ્યો છે જેથી તે ગ્રંથ આપવાનો છે. ત્રણે ગ્રંથ શ્રી પર્યુષણ પર્વ પછી મોકલવાનો પ્રબંધ થશે.

---

જલદી મંગાવો થોડી નકલો સીલીકે છે. જલદી મંગાવો.

# શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર.

શ્રીનેમનાથ ભગવાન તથા સતી રાજેમતીનું નવ ભવનું અપૂર્વ ચરિત્ર સાથે જૈન મહાભારત–પાંડવ કૌરવનું વર્ણન, અતૂલ પુણ્યવાન શ્રી વસુદેવ રાજાના અદ્ભુત વૈભવની વિસ્તાર પૂર્વક કથા, મહાપુરૂષ નળરાજા અને મહાસતી દમયંતીનું અદ્ભૂત જીવન વૃત્તાંત, તે સીવાય પ્રભુના પાંચ કલ્યાણકો, પરિવાર વર્ણન અને બીજી અનેક પૂણ્યશાળી જનોના ચરિત્રથી ભરપૂર છે. વળી સુંદર ટાઇપ, સુશોભિત બાઇન્ડીંગથી અલંકૃત કરેલ આ ગ્રંથ છે. વાંચતા અલ્હાદ ઉત્પન્ન થાય છે. કિંમત રૂ. ૨–૦–૦ પોસ્ટેજ ખર્ચ જુદો.

---

# શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ( ભાષાંતર )

## ભાગ ૧ લો તથા ૨ જો.

( અનુવાદક–આચાર્ય મહારાજ શ્રી અજીતસાગરજી મહારાજ )

પ્રભુના કલ્યાણકો અને દેવોએ તે વખતે કરેલ અપૂર્વ ભક્તિનું વિસ્તાર પૂર્વક વર્ણન, શ્રી–સુપાર્શ્વનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી અનેક સ્થળે વિચરી ભવ્ય જીવોને આપેલ ઉપદેશ, અનેક કથાઓ અને શ્રાવક જનોને પાળવા લાયક વ્રતો અને તેના અતિચારો વગેરેનું વર્ણન ઘણુંજ વિશાળ રીતે આપેલ છે. આ કથાના ગ્રંથોમાં બુદ્ધિનો મહિમા, અદ્ભૂત તત્વવાદનું વર્ણન, લૌકિક આચાર વ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પરિસ્થિતિ, ધાર્મિક પ્રભાવ તથા નૈતિક જીવન વિગેરે તત્વનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. એકંદર આ ગ્રંથ માનવ જીવનનો માર્ગ દર્શક, જૈન દર્શનના આચાર વિચારનું ભાન કરાવનાર એક પ્રબળ સાધન રૂપ છે.

ઉંચા રેશમી કપડાના પાકા બાઇન્ડીંગના એક હજાર પાનાના આ બે ગ્રંથની કિંમત રૂ ૪–૮–૦ પોસ્ટ ખર્ચ જુદો.

લખો—જૈન આત્માનંદ સભા—ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજના અંકનો વધારો.


# શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

તરફથી

## પ્રકટ થયેલ ગ્રંથોનું

( જેમાં સંસ્કૃત, માગધી, ગુજરાતી ભાષાના તથા જૈન ઐતિહાસિક વિગેરે છે. )

# સૂચિપત્ર.



આત્મ સંવત ૩૩

વીર સંવત ૨૪૫૫ વીક્રમ સંવત ૧૯૮૫ સને ૧૯૨૯

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ( સંસ્કૃત માગધી અને મૂળ ટીકાના ગ્રંથો. )

+૧ શ્રી સમવસરણ સ્તવઃ ... ૦–૧–૦
+૨ ક્ષુલ્લક ભવાવલિ પ્રકરણમ્ ... ૦–૧–૦
+૩ શ્રી લોકનાલિદ્વાત્રિંશિકા ... ૦–૨–૦
+૪ શ્રી યોનિસ્તવઃ ... ... ૦–૧–૦
+૫ શ્રી કાલસપ્તતિકાભિધાન પ્રકરણમ્ ૦–૧–૬
+૬ દેહ સ્થિતિ સ્તવઃ ... ... ૦–૧–૦
+૭ શ્રી સિદ્ધદંડિકા ... ... ૦–૧–૦
+૮ શ્રી કાયસ્થિતિ સ્તોત્રાભિધાન પ્રકરણમ્ ... ... ... ૦–૨–૦
+૯ શ્રી ભાવપ્રકરણમ્ .... ... ૦–૨–૦
+૧૦ નવતત્વભાષ્ય ... ... ૦–૧૨–૦
+૧૧ વિચાર પંચાશિકા ... ... ૦–૨–૦
+૧૨ બંધ ષટ્ત્રિંશિકા ... ... ૦–૨–૦
+૧૩ પરમાણુ ખન્ડ ષટ્ત્રિંશિકા—પુદ્ગલ ષટ્ત્રિંશિકા–નિગોદ ષટ્ત્રિંશિકા ... ... ... ૦–૩–૦
+૧૪ સાવચૂરિક શ્રાવકવ્રતભંગ પ્રકરણમ્ ... ... ... ૦–૨–૦
+૧૫ દેવ વન્દન–ગુરૂવન્દન–પ્રત્યાખ્યાન ભાષ્યત્રયમ્ ... ... ... ૦–૫–૦
૧૬ સિદ્ધ પંચાશિકા ... ... ૦–૨–૦
૧૭ અનાય ઉંચ્છ્રું કુલકમ્ ... ૦–૨–૦
૧૮ વિચાર સપ્તતિકા ... ... ૦–૩–૦
૧૯ અલ્પ બહુત્વગર્ભિતં શ્રી મહાવીર સ્તવનમ્ ... ... ... ૦–૨–૦
૨૦ પંચસૂત્રમ્ ... ... ... ૦–૬–૦
૨૧ શ્રી જમ્બૂસ્વામિ ચરિતમ્ ... ૦–૪–૦
૨૨ શ્રી રત્નપાલ નૃપકથાનકમ્ ... ૦–૫–૦
૨૩ સૂક્ત રત્નાવલી ... ... ૦–૪–૦
૨૪ મેઘદૂત સમસ્યા લેખઃ ... ૦–૪–૦
૨૫ ચેતોદૂતમ્ ... ... ... ૦–૪–૦
+૨૬ શ્રી : પર્યુષણા પર્વાષ્ટાન્હિકા વ્યાખ્યાનમ્ ... ... ... ૦–૬–૦
+૨૭ ચંપકમાલા કથા ... ... ૦–૬–૦
+૨૮ સમ્યક્ત્વ કૌમુદી ... ... ૦–૧૨–૦
+૨૯ શ્રાદ્ધ ગુણવિવરણમ્ ... ૧–૦–૦
+૩૦ ધર્મ રત્ન પ્રકરણમ્ ... ... ૦–૧૨–૦
+૩૧ શ્રી કલ્પસૂત્રમ્ સુબોધિકા ... ૦–૦–૦
+૩૨ ઉત્તરાધ્યયનસૂત્ર ... ... ૫–૦–૦
+૩૩ ઉપદેશ સપ્તતિકા ... ... ૦–૧૩–૦
+૩૪ કુમારપાળ પ્રબન્ધ ... ... ૧–૦–૦
+૩૫ શ્રી આચારોપદેશ ... ... ૦–૩–૦
+૩૬ શ્રી રોહિણી-અશોકચંદ્ર કથા ૦–૨–૦
+૩૭ ગુરૂ ગુણ ષટ્ ત્રિંશત્ ષટ્ત્રિંશિકા કુલકમ્ ... ... ... ૦–૧૦–૦
+૩૮ શ્રી જ્ઞાનસાર સૂત્રમ્... ... ૧–૪–૦
૩૯ સમયસાર પ્રકરણમ્ ... ૦–૧૦–૦
+૪૦ સુકૃત સાગર... ... ... ૦–૧૨–૦
+૪૧ ધમ્મિલ કથા... ... ... ૦–૨–૦
૪૨ પ્રતિમા શતકમ્ ... ... ૦–૮–૦
+૪૩ ધન્ય કથાનકમ્ ... ... ૦–૨–૦
+૪૪ ચતુર્વિંશતિ જિનસ્તુતિ સંગ્રહ ૦–૬–૦
+૪૫ રૌહિણેય–કથાનકમ્... ... ૦–૨–૦
+૪૬ લઘુક્ષેત્ર સમાસ પ્રકરણમ્ ... ૧–૦–૦
+૪૭ બૃહત્સંગ્રહણી ... ... ૨–૮–૦
+૪૮ શ્રાદ્ધ વિધિ ... ... ... ૨–૮–૦
+૪૯ ષડ્ દર્શન સમુચ્ચયઃ ... ૩–૦–૦
+૫૦ પંચ સંગ્રહ ... ... ... ૩–૮–૦
૫૧ સુકૃત સંકીર્તનમ્ ... ... ૦–૮–૦
+૫૨ સટીકાશ્ચત્વારઃપ્રાચીનાઃ કર્મગ્રન્થા ૨–૮–૦

+ આ નીશાનીવાળા પુસ્તકો સીલકે નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



+૫૩ સમ્બોધ સપ્તતિઃ ... ... ૦–૧૦–૦
+૫૪ કુવલયમાલા કથા ... ... ૧–૮–૦
૫૫ સામાચારી પ્રકરણ આરાધક વિ-
રાધકચતુર્ભંગી પ્રકરણમ્... ૦–૮–૦
૫૬ કરૂણા વજ્રાયુદ્ધ નાટકમ્ ... ૦–૪–૦
+૫૭ કુમારપાળ ચરિત્ર મહાકાવ્યમ્ ૦–૮–૦
૫૮ મહાવીર ચરિયં ... ... ૧–૦–૦
૫૯ કૌમુદી મિત્રાનન્દમ્... ... ૦–૬–૦
૬૦ પ્રબુદ્ધ રોહિણેયમ્ ... ... ૦–૫–૦
૬૧ ધર્માભ્યુદયમ... ... ... ૦–૪–૦
૬૨ પંચનિર્ગ્રન્થીપ્રજ્ઞાપનોપાંગ તૃતીય
પદ સંગ્રહણી પ્રકરણ ... ૦–૬–૦
૬૩ રયણસેહરી કહા ... ... ૦–૬–૦
૬૪ સિદ્ધ પ્રાભૃતં સટીકમ્ ... ૦–૧૦–૦
૬૫ દાનપ્રદીપ ... ... ... ૨–૦–૦
૬૬ બંધહેતૂદય ત્રિભંગી પ્રકરણ ૦–૧૦–૦
૬૭ ધર્મ પરીક્ષા ... ... ... ૧–૦–૦
૬૮ સપ્તતિશત સ્થાન પ્રકરણમ્... ૧–૦–૦
૬૯ ચેઇઅ વંદણ મહાભાસં ... ૧–૧૨–૦
૭૦ પ્રશ્ન પદ્ધતિનામા ગ્રન્થઃ ... ૦–૨–૦
+૭૧ શ્રી કલ્પસૂત્રમ્ કિરણાવલી ... ૦–૦–૦
૭૨ યોગદર્શન તથા યોગવિંશિકા ૧–૮–૦
૭૩ મંડલ પ્રકરણ ... ... ૦–૪–૦
૭૪ દેવેન્દ્ર નરકેન્દ્ર પ્રકરણમ્ ... ૦–૧૨–૦
૭૫ ચન્દ્રવીરશુભા–ધનધર્મ–સિદ્ધ–
દત્તકપિલ–સુમુખ નૃપાદિમિત્ર
ચતુષ્ક–કથા ચતુષ્ટયમ્ ... ૦–૧૧–૦
૭૬ જૈન મેઘદુતમ્ ... ... ૨–૦–૦
૭૭ શ્રાવકધર્મ વિધિ પ્રકરણ ... ૦–૮–૦
૭૮ ગુરૂતત્ત્વ વિનિશ્ચયઃ ... ... ૩–૦–૦
૭૯ ચતુર્વિંશતિ "ઐંદ્રસ્તુતિ" ... ૦–૪–૦
વસુદેવ હીંડી. ભાગ ૧ લો... છપાય છે.

## ( વગર નંબરના )

૧ સુમઢ ચરિત્ર ... ... ૦–૨–૦
+૨ જલ્પ મંજરી... ... ... ૦–૨–૦
+૩ સુદર્શના ચરિત્ર ( પ્રથમભાગ ) ૦–૬–૦
૪ અનુત્તરોવવાઇ સૂત્ર... ... ૦–૬–૦
૫ નળ દમયંતી મૂળ ... ... ભેટ.
+૬ જૈન વૃત્ત ક્રિયા વિધિ. ... ભેટ.
+૭ સાધુ આવશ્યક ક્રિયાના સૂત્રો ભેટ.
૮ નયોપદેશ ... ... ... ૧–૦–૦
૯ શ્રીપાળ ચરિત્ર ... ... ૦–૪–૦
૧૦ ગાંગેય ભંગ પ્રકરણ ... ... ૦–૪–૦
૧૧ મૃગાંક ચરિત્ર ... ... ... ૦–૪–૦

## પ્રવર્તક શ્રી કાંતિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથો.

+૧ વિજ્ઞપ્તિ ત્રિવેણી ... ... ૧–૦–૦
+૨ કૃપારસકોશ ... ... ૧–૦–૦
+૩ શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ... ૦–૧૦–૦
+૪ પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભાગ ૧ લો.
... ... ... ૧–૦–૦
૫ દ્રૌપદી સ્વયંવરમ્ ... ... ૦–૪–૦
૬ પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભા.૨ જો ૩–૮–૦
૭ જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય
સંચય. ... ... ... ૨–૧૨–૦

---

+ આ નીશાનીવાળા પુસ્તકો સીલકે નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગુજરાતી ભાષાના–ભાષાંતર વિગેરેના ગ્રંથો.

૧ શ્રી જૈન તત્વાદર્શ ... ... ૫–૦–૦
૨ શ્રી નવતત્વનો સુંદરબોધ. ... ૦-૧૦-૦
+૩ દેવસિરાઇ પ્રતિક્રમણ સૂત્રાર્થ ૦–૩–૦
૪ શ્રી જીવવિચાર વૃત્તિ ... ... ૦–૬–૦
+૫ શ્રી અજ્ઞાનતિમિર ભાસ્કર ... ૨–૮–૦
+૬ શ્રી જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તર ૦–૮–૦
+૭ વિવિધ પૂજા સંગ્રહ ... ... ૧–૮–૦
૮ શ્રી દંડક વૃત્તિ... ... ... ૦–૮–૦
૯ શ્રી નયમાર્ગ દર્શક ... ... ૦-૧૨-૦
૧૦ હંસ વિનોદ ... ... ... ૦-૧૨-૦
+૧૧ વિવિધ પૂજાસંગ્રહ બીજી આવૃત્તિ ૧–૮–૦
૧૨ કુમાર વિહાર શતક ... ... ૧–૮–૦
૧૩ શ્રી જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર બીજી આવૃત્તિ... ... ... ૦–૮–૦
૧૪ શ્રી જૈન તત્ત્વસાર મૂળ તથા ભાષાંતર. ... ... ... ૦–૬–૦
+૧૫ ,, ભાષાંતર ... ... ૦–૨–૦
૧૬ શ્રી આત્મ વલ્લભ જૈન સ્તવનાવલી ... ... ... ૦–૬–૦
૧૭ શ્રી મોક્ષપદ સોપાન ... ... ૦-૧૨-૦
૧૮ ધર્મ બીન્દુ ગ્રંથ આવૃતી બીજી ૨-૦-૦
૧૯ શ્રી પ્રશ્નોત્તર પુષ્પમાળા ... ૦-૧૪-૦
+૨૦ ધ્યાન વિચાર ... ... ... ૦–૩–૦
૨૧ શ્રી શ્રાવક કલ્પતરૂ ... ... ૦–૬–૦
૨૨ શ્રી આત્મપ્રબોધ ભાષાંતર ... ૨–૮–૦
+૨૩ શ્રી આત્મોન્નતિ ... ... ૦-૧૦-૦
+૨૪ શ્રી પ્રકરણ પુષ્પમાળા ... ૦–૬–૦
૨૫ શ્રી જંબુસ્વામિ ચરિત્ર ... ૦–૮–૦
૨૬ જૈન ગ્રંથ ગાઇડ. ... ... ૧–૦–૦
૨૭ શ્રી નવાણું પ્રકારી પૂજા ... ( અર્થ સહિત ) ... ... ૦–૮–૦
૨૮ શ્રી તપોરત્ન મહોદધિ ભા.૧–૨. ૧–૦–૦
૨૯ શ્રી સમ્યકત્વ સ્વરૂપ સ્તવ. ... ૦–૪–૦
+૩૦ શ્રી શ્રાદ્ધગુણ વિવરણ ભાષાંતર ૨–૦–૦
૩૧ શ્રી ચંપકમાળા ચરિત્ર ... ૦–૮–૦
+૩૨ કુમારપાળ ચરિત્ર ... ... ૦–૬–૦
૩૩ સમ્યક્ત્વ કૌમુદી ભાષાંતર ... ૧–૦–૦
૩૪ શ્રી પ્રકરણ પુષ્પમાળા ... ( દ્વિતીય પુષ્પ ) ... ... ૦–૮–૦
+૩૫ શ્રી અનુયોગદ્વાર સૂત્ર... ... ૦–૫–૦
૩૬ શ્રી અધ્યાત્મમત પરિક્ષા ... ૦–૪–૦
૩૭ શ્રી ગુરૂ ગુણમાળા ... ... ૦–૬–૦
૩૮ શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી. ૦–૫–૦
+૩૯ શ્રી આત્મ કાન્તિ પ્રકાશ ... ૦–૪–૦
૪૦ શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ ... ૦–૮–૦
+૪૧ શ્રી દેવભક્તિમાળા પ્રકરણ ... ૧–૦–૦
૪૨ શ્રી ઉપદેશ સપ્તતિકા ... ... ૧–૦–૦
૪૩ શ્રી સંબોધ સપ્તતિકા ... ... ૧–૦–૦
૪૪ શ્રી પંચ પરમેષ્ઠિ ગુણ રત્નમાળા ૧–૮–૦
૪૫ સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા. ... ... ... ... ૧–૦–૦
૪૬ શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર ... ૨–૦–૦
૪૭ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા.૧લો ૨–૦–૦
૪૮ આદર્શ જૈન સ્ત્રી રત્નો ... ૧–૦–૦
૪૯ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા.૨જો ૨–૮–૦
૫૦ શ્રીદાનપ્રદીપ... ... ... ૩–૦–૦
૫૧ શ્રીનવપદજી પૂજા (અર્થ સહિત) ૧–૪–૦
૫૨ કાવ્ય સુધાકર ... ... ... ૨–૮–૦
૫૩ શ્રી આચારોપદેશ ... ... ૦–૮–૦
૫૪ ધર્મરત્ન પ્રકરણ ... ... ૧–૦–૦
૫૫ શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર ( અર્થ સહિત ) ... ... ... ૧–૧૨–૦
૫૬ શ્રી આત્મવિશુદ્ધિ ... ... ૦–૬–૦

**+ આ નિશાનીવાળા પુસ્તકો શીલીકમાં નથી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૭ કુમારપાળ પ્રતિબોધ... ... ૩-૧૨-૦
૫૮ જૈન નરરત્ન "ભામાશાહ"... ૨-૮-૦
૫૯ આત્માનંદ સભાની લાઇબ્રેરીનું અક્ષરાનુક્રમ લીસ્ટ.... ... ૦-૧૪-૦
૬૦ શ્રી વિમલનાથ ચરિત્ર ... ૧-૧૨-૦
શ્રી પ્રભાવક ચરિત્ર ... છપાય છે.
શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ... ... "
શ્રી મહાવીર સ્વામિ ચરિત્ર... "

# અન્ય ગ્રન્થો.

| | |
|---|---|
| તત્ત્વનિર્ણય પ્રાસાદ... ... | ૧૦-૦-૦ |
| અભયકુમાર ચરિત્ર ભા, ૧ લો. | ૨-૪-૦ |
| અભયકુમાર ચરિત્ર ભા. ૨ જો. | ૩-૦-૦ |
| સઝાયમાળા ભાગ ૧ થી ૪ દરેકના... | ૨-૮-૦ |
| ધર્મગ્રંથ હિંદી ભા. ૧ લો. (હીંદી) | ૧-૪-૦ |
| સદર ભા. ૨ જો. (,,) | ૦-૧૨-૦ |
| સદર ભા. ૩ જો. (,,) | ૦-૮-૦ |
| સદર ભા. ૪ થો. (,,) | ૨-૦-૦ |
| દંડક ... ... (,,) | ૦-૩-૦ |
| વિતરાગ સ્તોત્ર ... (,,) | ૦-૩-૦ |
| સજ્જન સન્મિત્ર ... ... | ૪-૦-૦ |
| સિદ્ધાંત મુક્તાવલી ... ... | ૦-૧૦-૦ |
| જૈનભાનુ ... ... ... | ૦-૮-૦ |
| વિમલ વિનોદ ... ... | ૦-૧૦-૦ |
| વિશેષ નિર્ણય ... ... | ૦-૪-૦ |
| અવિદ્યા અંધકાર માર્તંડ ... | ૦-૪-૦ |
| શ્રી નવપદજી પૂજા શ્રી ગંભીર વિ. કૃત | ૦-૨-૦ |
| પૂજાસંગ્રહ શાસ્ત્રી વિજયાનંદ સૂરિ-વિજયવલ્લભસૂરિ-શ્રીહંસવિ. મ. કૃત. | ૧-૪-૦ |
| આત્મવલ્લભ પૂજા સંગ્રહ ... | ૧-૮-૦ |
| સત્તરભેદી પૂજા ( હારમોનીયમ નોટીસન સારીગમ સાથે... ... | ૦-૪-૦ |
| જૈનસતી રત્નો ( સચિત્ર ) ... | ૧-૪-૦ |
| જૈનગીતા ... ... ... | ૧-૦-૦ |
| પ્રમેય રત્ન કોષ ... ... | ૦-૮-૦ |
| ચૈત્યવંદન ચોવીશી ... ... | ૦-૬-૦ |
| પ્રાણપ્રેમ પુષ્પમાળા .. ... | ૧-૪-૦ |
| ધર્મ અને જીવન ... ... | ૦-૩-૦ |
| મહિલા મહોદય ભા. ૧-૨ દરેકના | ૨-૮-૦ |
| જૈન મહાભારત સચિત્ર... ... | ૬-૦-૦ |
| રાજકુમારી સુદર્શના... ... | ૩-૦-૦ |
| મલયા સુંદરી ... ... | ૨-૮-૦ |
| શ્રીપાળ રાજાનો રાસ (સાર્થ સચિત્ર) | ૨-૦-૦ |
| સમ્મેતશિખર ચિત્રાવલી ... | ૨-૮-૦ |
| ઉત્તમ કુમાર ( સચિત્ર ) ... | ૧-૪-૦ |
| નારચન્દ્ર જ્યોતિષ ... ... | ૩-૦-૦ |
| ભદ્રબાહુ સંહિતા ... ... | ૨-૦-૦ |
| વિવેક વિલાસ ( સચિત્ર ) ... | ૩-૦-૦ |
| સમરાદિત્ય કેવળી ચરિત્ર ... | ૫-૦-૦ |
| પૂજા સંગ્રહ સચિત્ર ભા. ૧ થી ૭ | ૫-૦-૦ |
| નવપદ ઓળી વિધિ... ... | ૦-૧૨-૦ |
| નવપદજી મંડળની છબી ... | ૦-૪-૦ |
| સિદ્ધચક્રજીના યંત્રની છબી ... | ૦-૨-૦ |
| ચૌદ રાજલોક પૂજા ... ... | ૦-૧-૦ |
| સમ્યકત્વ દર્શન પૂજા... ... | ૦-૧-૦ |
| પંચપ્રતિક્રમણ સૂત્ર, ગુજરાતી ... | ૦-૧૦-૦ |
| ( ,, ) શાસ્ત્રી ... | ૦-૧૦-૦ |
| દેવસીરાઇ પ્રતિક્રમણ, ગુજરાતી | ૦-૪-૦ |
| ( ,, ) શાસ્ત્રી ... | ૦-૪-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુંદર ફોટાઓ (છબીઓ).

## મુનિમહારાજાઓના દરેક સાઈઝની છબીઓ તથા તીર્થોના રંગીન નકશા અને ફોટા

તથા કલકત્તાવાળા નથમલ ચાંડાલીયા ફોટોગ્રાફરે હાલમાં એવા વિવિધ રંગોથી તૈયાર કરેલા સુંદર, મનોહર અને આકર્ષક ફોટાઓ બહાર પાડયા છે.

| | | | |
|---|---|---|---|
| શ્રી કેસરીયાજી મહારાજ | ૧૫+૨૦ | | ૦–૮–૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન ( સમજણ સહિત ) | ,, | | ૦–૮–૦ |
| મધુ બિંદુ | ,, | ,, | ૦–૬–૦ |
| ષડ્લેશ્યા | ,, | ,, | ૦–૬–૦ |
| શ્રી જીનદત્તસૂરિજી–( દાદાસાહેબ ) | ,, | ,, | ૦–૬–૦ |
| પાવાપુરીનું જીન મંદિર | ૧૨+૨૦ | | ૦–૪–૦ |

### પુના ચિત્રશાળા પ્રેસની રંગીન છબીયો.

| | | |
|---|---|---|
| શ્રી ગૌતમસ્વામીજી મહારાજ | ૧૫+૨૦ | ૦-૧૦-૦ |
| શ્રી મહાવીરસ્વામી ભગવાન | ૧૫+૨૦ | ૦–૮–૦ |

**સૂચના**—સિવાય અમારે ત્યાં જૈન ધર્મનાં તમામ ગ્રંથો, જેવા કે-શાહ ભીમશી માણેક મુંબઇ, શાહ મેઘજી હીરજી–મુંબઇ, શ્રી જૈનધર્મ પ્રસારક સભા-જૈન ઓફીસ-ભાવનગર શેઠ દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ–મુંબઇ, શાહ હીરાલાલ હંસરાજ–જામનગર, સલોત અમૃતલાલ અમરચંદ-પાલીતાણા, શ્રી જૈન સસ્તી વાંચનમાળા–ભાવનગર, નથમલ ચાંડાલીયા ફોટોગ્રાફર–કલકત્તા. વિગેરે પુસ્તકો પ્રકટકર્તાના તમામ પુસ્તકો, તેમજ અન્યના પુસ્તકો, નકશાઓ, અને મુનિરાજ તથા તીર્થોના તેમજ શ્રી તીર્થંકર ભગવાન તથા શ્રીગૌતમસ્વામીના ફોટોગ્રાફ ( છબીયો ) અમારે ત્યાંથી મળશે. નફો જ્ઞાનખાતામાં જાય છે, જેથી મંગાવનારને તે પણ લાભ થાય છે.

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—

**ભાવનગર.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# લાઇફ મેમ્બર.

કોઇપણ શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન આ સભામાં સભાસદ તરીકે દાખલ થઇ શકે છે.

એક સાથે રૂા ૫૦૦) આપનાર ગૃહસ્થ આ સભાના પેટ્રન (માનવંતા મુરબ્બી) થઇ શકશે.

એક સાથે રૂા ૧૦૦) આપનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બર થઇ શકશે.

એક સાથે રૂા ૫૦) આપનાર બીજા વર્ગના લાઇફ મેમ્બર થઇ શકશે.

જૈન લાઇબ્રેરી, શાળા કે સંસ્થા મેમ્બર તરીકે રજીસ્ટર્ડ થવા માગે તો રૂા ૫૦) ભરવાથી બીજા વર્ગના લાઇફ મેમ્બરોના હક્કો ભોગવી શકશે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રગટ થતા પુસ્તકની એક એક નકલ તથા આત્માનંદ પ્રકાશ માસિક તેમની જીંદગી સુધી ભેટ આપવામાં આવશે.

બીજા વર્ગનાં લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રકાશિત થતા બે રૂપીઆની કિંમત સુધીના દરેક ગ્રંથની એક એક નકલ ભેટ આપવામાં આવશે, તેમજ આત્માનંદપ્રકાશ માસિક પણ તેમની જીંદગી સુધી ભેટ મળશે.

# આત્માનંદ પ્રકાશ.

ઉપરોક્ત માસિક સભા તરફથી છત્રીશ વર્ષથી પ્રકટ થાય છે. તેમાં ધાર્મિક, ઐતિહાસિક, સામાજીક અને નૈતિક ઉપરાંત સ્ત્રી કેળવણી અને વિદ્યાર્થી વિભાગ વાંચનના લેખો પણ આવે છે, કે જેથી સ્ત્રી જાતિનું ગૌરવ તેમનું માતા તરીકેનું સ્થાન અને બાળકોને ઉત્તમ સંસ્કાર કેમ આપી શકાય ? તે તથા સમાજની ભાવિ ઉન્નતિમાં સ્ત્રીઓ અને વિદ્યાર્થીઓ કેમ આદર્શ બને તે માટે ઉત્તમ લેખો આપવામાં આવે છે. જેથી વાંચન માટે સમાજની રૂચી વધતા તે માટે અનેક પ્રશંસાના પત્રો આવેલ છે. મંગાવી ખાત્રી કરો !

વાર્ષિક લવાજમ રૂા ૧--૪--૦ વાર્ષીક ભેટનું સુંદર દળદાર પુસ્તક તથા પંચાંગ ભેટ આપવામાં આવે છે.

# પુસ્તક પ્રકાશન ખાતું.

આ સભા તરફથી આજે ત્રીશ વર્ષથી ચાલુ છે. અમારા તરફથી પ્રકટ થતા ગુજરાતી સંસ્કૃત, માગધી, હીંદી વિગેરે પુસ્તકોની સાહિત્યરસીક સાક્ષરો મુકતકંઠ પ્રશંસા કરે છે, જેથી તેનો લાભ લેવા ન ચુકશો, નફો જ્ઞાનખાતામાં જાય છે. સીરીઝ સિવાયના અન્ય ગ્રંથો પડત કિંમતે આપવામાં આવે છે.

લખો:—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# તમારૂં નામ અમર કરવું હોય તો
આટલું
# વાંચી નિર્ણય કરી લ્યો.

આ જગતમાં જન્મ ને મરણ પ્રત્યેક પ્રાણીને માટે સર્જાયેલ છે. જ્યારે મનુષ્યોને પરમાત્માએ જ્ઞાન અને બુદ્ધિ આપેલ હોવાથી તે પોતાના માટે અનેરો માર્ગ શોધી કાઢે છે. જેથી તમારે આ જીવનમાં તમારૂં નામ અમર રાખવું હોય, જ્ઞાનભક્તિ કરવી હોય જૈન સાહિત્ય સેવા કરી જ્ઞાન ઉપાર્જન કરવું હોય તો નીચેની યોજના વાંચી, વિચારી આજેજ આપ નિર્ણય કરો. અને આપના નામની ગ્રંથમાલા પ્રસિદ્ધ કરાવી તે અમૂલ્ય લાભ મેળવો.

## યોજના.

જે ગૃહસ્થ ઓછામાં ઓછા રૂા. ૧૦૦૦) એક હજાર આ સભાને આપે તેમના નામથી ગ્રંથમાળા ( સીરીઝ ) ( ગ્રંથો ) આ સભાએ દરેક વખતે નીચેની શરતે પ્રકટ કરવા.

૨ સીરીઝનો પ્રથમ ગ્રંથ છપાવવાને માટે વધારેમાં વધારે રૂા. ૧૦૦૦) સુધી આ સભાએ ખરચવા.

૪ અમુક સંખ્યામાં જાહેર લાઇબ્રેરી કે ભંડાર તેમજ સાધુ સાધ્વી મહારાજ વગેરેને આ સિરિઝના ગ્રંથો સભાના નિયમ મુજબ જે જે ભેટ અપાય તે તે ' સિરિઝવાલાની વતી સભા મારફત ભેટ ' એવી ચીઠ્ઠી છપાવી પુસ્તક ઉપર ચોડી ભેટ મોકલવામાં આવશે.

૭ તે સીરીઝની છપાતી દરેક બુકની પચીશ કોપી જે ગૃહસ્થના તરફથી આ ગ્રંથમાળા સીરીઝ છપાય તેમને ભેટ આંપવામાં આવશે.

૮ તે સીરીઝના પ્રથમ અડધા ગ્રંથો ખપી ગયા હોય તે સમયે ઉપજેલી તે રકમના પ્રમાણમાં તે ગૃહસ્થના નામથી બીજો ગ્રંથ ( સિરિઝનો ) સભાએ છપાવવો શરૂ કરવો; એજ ક્રમ સાચવી સિરિઝના બીજા ગ્રંથો સભાએ નિરંતર છપાવવા.

૧૦ ગ્રંથમાળાના પ્રથમના એકજ ગ્રંથમાં સીરીઝવાળા ગૃહસ્થનું ટુંકું જીવનચરિત્ર, ફોટોગ્રાફ અને અર્પણ પત્રિકા તેમની ઇચ્છાનુસાર ( એકજવાર ) આપવામાં આવશે.

નીચેના પ્રમાણેના મહાશયોના નામથી ગ્રંથમાળાઓ પ્રકટ થઇ ચુકી છે.

| | |
|---|---|
| ૧ શેઠ આણંદજી પુરૂષોતમદાસ. | ૨ વોરા હઠીચંદ ઝવેરચંદ |
| ૩ શ્રીમાન્ સુખસાગરજી મહારાજ | ૪ શ્રીમાન્ આચાર્યશ્રી બુદ્ધિસાગરજી મહારાજ |
| ૫ વકીલ હરીચંદ નથુભાઇ | ૬ શ્રી આત્મવલ્લભ ગ્રંથમાળા |
| ૭ શેઠ નાગરદાસભાઇ પુરૂષોતમદાસ રાણપુર. | ૮ શેઠ ઝવેરભાઇ ભાઇચંદ |
| ૯ શાહ મગનલાલ ઓધવજી | ૧૦ શેઠ અમરચંદ હરજીવનદાસ |
| ૧૧ શેઠ દીપચંદ ગાંડાભાઇ | |

ઉપરના મહાશયોએ પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કર્યો છે. આપ પણ વિચારી તે રસ્તે ચાલવા પ્રયત્નશીલ થઇ સાહિત્યના ક્ષેત્રમાં આપનું નામ અમર કરશો. તેમ ઇચ્છીએ છીએ.

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા.—ભાવનગર.


આનંદ પ્રી. પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम ॥

यथा वा धौतपटो जलार्द्र एव संहतश्चिरेण शोषमुपयाति, स एव च वितानितः सूर्यरश्मिवायुभिर्हतः चिप्रं शोषमुपयाति, न च संहते तस्मिन्नभूत स्नेहागमोनापि वितानिते सति अकृत्स्न शोषः, तद्वद्यथोक्त निमित्तापवर्तनैः कर्मणः चिप्रं फलोपभोगो भवति, न च कृतप्रणाशाकृताभ्यागमाफल्यानीति ॥

तत्त्वार्थ सूत्र–भाष्य–द्वितीय अध्याय ।

पुस्तक २७ मुं. } वीर सं. २४६९ श्रावण आत्म सं. ३४. { अंक १ लो.

## वर्षारंभे मंगल आराधन.

" ॐ ह्रीं श्रीं अर्हम्. "

**वीर वंदन—**

વીર ! વન્દન કરીએ વર્ષારંભે, ॐ ह्रीं श्रीं अर्हम्.
ધ્યાન ધરીએ ભ્રાતૃ ! મળી સહુ સાથે; ,, વીર૦
અર્હમ્ સિદ્ધ સૂરિ અને, વાચક મુનિવર વન્દ;
પરમેષ્ઠિ પદ પંચનું, ॐ અનુપમ કન્દ.
જેનું સ્મરણુ સુંદર દિવ્ય છે દર્શન, ॐ ह्रीं श्रीं अर्हम्.
માનું મંગલ માંહી શ્રેષ્ઠ એ મંગલ; ,,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કામ કુંભ કલ્યાણક કષ્ટ નિવારક, ,,
મન વાંચ્છત પૂરણ સુરતરૂ સમ. ,, વીર૦

અ–અ–આ–ઉ–મ્ મળી, ॐ અબાધિત રૂપ;
વ્યુત્પત્તિ દર્શક દર્શને, દ્રષ્ટા દ્રશ્ય સ્વરૂપ.

ઉપસર્ગ સકલ ક્ષય થાય છે જેથી, ॐ ह्रीँ श्रीँ अर्हम्.
સહુ વિઘ્ન નિવારે સુસાધ્ય સુધારે; ,,
જેથી ચિત્ત પ્રસન્ન સદાય રહે છે, ,,
એહ પૂજ્યનું પૂજન પૂજ્ય બનાવે. ,, વીર૦

ॐ વા અર્હમ્ નાદ એ, ત્રિપદી સુચન સુપ્રસિદ્ધ;
ઉત્પત્તિ સ્થિતિ વિલયતણી, સંજ્ઞા શાબ્દિક સિદ્ધ.

પ્રશસ્ય જૈન જૈનેતર ને એ. ॐ ह्रीँ श्रीँ अर्हम्.
નહીં વ્યાપક એ સમ શબ્દ ન બીજો; ,,
સહુ આર્ય ધર્મિ નિજ ઇષ્ટ ગણે છે, ,,
ત્રિક બ્રહ્મા વિષ્ણુ મહેશ તણું એ. ,, વીર૦

મર્યાદિત મન કલ્પના, સફ્લી સહેજે થાય;
પણ તદ્દવિધ પ્રયોગ વિણ, તદ્રુપતા નવિ થાય.

છે મંત્ર જંત્ર અને તંત્ર સહુ એ, ॐ ह्रीँ श्रीँ अर्हम्.
સુખ સાધન સ્વર્ગ અને અપવર્ગનું; ,,
સ્યાદ્વાદ સુધારસ સિંચન એહિજ, ,,
સ્વાભાવિક "આત્માનન્દ" પ્રકટ એ. ,, વીર૦

## उद्देश निदर्शन.—

નૈતિક ધાર્મિક નવનવી, વાની વિવિધ પ્રકાર;
ધરશું સાત્વિક સ્નેહથી, સમય શાસ્ત્ર અનુસાર. વીર૦
ઇચ્છું અભ્યુદય સદા, જન સહુ જાગૃત થાય;
અહવા "આત્માનંદ"ના, આન્દોલન રસદાય. વીર૦

સંઘવી વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# नूतन वर्षनुं मंगलमय विधान.

દર્શન જ્ઞાન અને ચારિત્રરૂપ મોક્ષમાર્ગને પ્રધાન કરી સમસ્ત બાહ્ય પ્રકાશોની આરપાર થઇને માનસિક શક્તિઓદ્વારા આંતર પ્રકાશને પ્રકટાવતું અને જૈનસૃષ્ટિમાં ભવ્યાત્માઓને યોગાવંચકપણે ઢંઢોળીને જાગૃત કરતું **આત્માનંદ પ્રકાશ** આજના મંગળમય દિવસે ૨૭ માં વર્ષમાં પ્રવેશ કરે છે; પ્રવેશ કરતાંની સાથે જ આધ્યાત્મિક જગત્માં ( Spiritual Cosmos ) રહેલા સમગ્ર પ્રાણુવર્ગની સાથે સમન્વય સાધી સ્વગત પ્રશ્ન પૂછે છે કે જેમ સંયમ પૂર્વકની યુવાન વય એ મનુષ્ય જીવનનું અમૂલ્ય વિકસિત પુષ્પ છે, તેમ આત્માની યુવાવસ્થા એ અંતરાત્મ અવસ્થા છે; આ અંતરાત્મ અવસ્થામાં રહી સ્વનામની સાર્થકતા થઇ શકી છે કે કેમ ? તે વખતે આંતરધ્વનિ થાય છે કે અતિ ઉદ્દામ નહિં તેમજ અતિ વિનીત નહિં એવા મધ્યમ માર્ગમાં ગતવર્ષમાં ગતિ કરતાં કરતાં નૂતન વર્ષનું પ્રભાત પ્રકટી ચૂક્યું છે અને ગત વર્ષમાં વ્યવહાર અને નિશ્ચય ( relative & absolute ) ઉભય નયોના અવલંબન પૂર્વક જે જે વિચારોનું વાતાવરણ ( thought waves ) જૈન સૃષ્ટિમાં ફેલાવેલું છે તેથી વાંચકોની ચિત્તભૂમિમાં બીજરૂપે સંસ્કારો ( impressions ) પડેલા છે તે અવશ્ય મિષ્ટ ફળો પ્રકટાવશે એવી આશા દઢપણે રાખી રહ્યું છે.

## बीजनुं फलानुसंधान—

પરંતુ જેમ અપૂર્વકરણથી દર્શનમોહનીયાદિનો ક્ષય કરવા તૈયાર થયેલ પ્રબુદ્ધ આત્મા જેમ તે કર્મો ક્ષય કરીને જ વિરામ પામે છે તેમ પ્રસ્તુત પત્ર કાંઇક અંશે પોતાના અત્યાર સુધી ફેલાવેલા વિચારો માત્રથી ' વિરામ ચિન્હ ' મુકવા માગતું નથી; પરંતુ તે વિચારોને આચારમાં ( practically ) મુકવા દઢપણે જણાવે છે અને તે માટે વિચારો અને આચારોનું સંગઠન કેમ થાય તેને માટે પ્રસ્તુત વર્ષમાં વિશેષ પ્રબળતાથી વિચારોનું વાતાવરણ જમાવવા ઇચ્છે છે અને વાંચકોમાં ' **ज्ञानस्य फलं विरतिः** ' એ સૂત્રને અંતરમાં ઉતારવા પ્રેરવા ઇચ્છે છે, ઘડીઆળ એ જેમ અનંતકાળનું મર્યાદાસૂચક ચિન્હ છે તેમ આ પત્ર અનંત આત્માનંદનું મર્યાદિત સ્વરૂપ છે, જે દ્વારા ઉચ્ચ આત્માઓ ઉપાદાન કારણરૂપ આત્મામાંથી અનંત આનંદ પ્રકટાવી શકશે એ નિર્વિવાદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## संज्ञानो उपनय—

૨૭ ની સંજ્ઞા ( term ) મંગલમય **નવપદજીનું** આરાધન **મન, વચન** અને **કાયાનાં** એકાગ્રતાનું સૂચન કરે છે. **નવપદમાં** વિશ્વના તમામ પદાર્થોનો મોક્ષમાર્ગની સિદ્ધિ માટે સમાવેશ થાય છે. **અરિહંતાદિ** નવપદો જો મન, વચન કાયાની એકાગ્રતા પૂર્વક આરાધવામાં આવે તો અવશ્ય આત્માનો સ્વાભાવિક આનંદ આત્મામાંથી પ્રકટે છે. પરંતુ એ **નવનો ત્રણથી** ગુણાકાર થાય તેવું આદર્શ સ્વરૂપ ( ideal ) પ્રકટાવવું જોઇએ; અભિસંધિજ વીર્યથી આ નવપદજીનું ત્રિકરણ યોગથી ધ્યાન કરતાં કરતાં પ્રસ્તુત પત્રમાં આત્માના ઉત્તમોત્તમ ગુણોનો સંચાર થશે અને તેથી પોતાનામાં અપૂર્વ શક્તિનું પ્રવર્તનબળ ( impulse ) પ્રકટતાં વાંચકોને આંતર શત્રુઓનો વિજય કરાવવાના સંસ્કારો પ્રકટાવવામાં પોતાનું નૂતનવર્ષ સાર્થક થશે, એવા મંગલમય વિચારોથી નૂતન વર્ષમાં પ્રવેશતાં ગૌરવયુક્ત અભિનંદન લે છે.

## पुरुषार्थनी महत्त्वता—

અજ્ઞાનરૂપી અંધકારનો વિલય થતાં પ્રકાશમય દિવ્ય જગત્‌માં જન્મ, જરા, મરણ, વ્યાધિ, દુઃખ અને અવ્યવસ્થા આદિ કશું જ નથી; ત્યાં સ્થળ, કાળ અને કાર્ય કારણની ( time, space & causation ) મર્યાદાઓ તુટી પડેલી હોય છે; ત્રણે કાળ તેમને એક જ કાળ છે; જ્યાં નવું જૂનું થયાં કરતું હોય ત્યાં જ કાળનો સંભવ છે અને તેથી જ કાળની વ્યાખ્યા શાસ્ત્રમાં એવા પ્રકારની છે કે ' જે નવાનું જૂનું કરે છે તે કાળ છે '; તે વિશ્વમાં કશું જ અવસ્થાંતરને પાત્ર નથી; સ્થળ અને કાળ આ સાપેક્ષ દૃશ્ય ( visible ) વિશ્વમાં જ અર્થવાળા છે; વસ્તુસ્થિતિ આમ હોઇ આધ્યાત્મિક સૃષ્ટિમાં કાળની મહત્ત્વતા નથી; ત્યાં તો પુરૂષાર્થની મહત્ત્વતા છે; જે વખતે આત્માની ભૂમિકા તૈયાર થઇ તેજ વખતે નિરવધિ આનંદ અનુભવવા માંડે છે; પ્રસ્તુત પત્ર પણ વાંચકોની તૈયાર થયેલી ભૂમિમાં બીજારોપણ કરી જાગૃત આત્માઓમાં વિદ્યુત્ શક્તિ ફેલાવી તેમનાં જીવનને અશ્રુતપૂર્વ દિવ્યતામાં મુકી શકવાના સામર્થ્યવાળું કેમ બને તે માટે સ્વયંવહ ( automatic ) ઉત્તર મેળવવા ઉત્સુક બની રહી યત્કિંચિત્ નિવેદન રજુ કરે છે.

## संस्मरणोनुं सिंहावलोकन—

ગત વર્ષમાં શ્રી **આનંદસાગરસૂરિજીએ** આસ્તિક નાસ્તિકના વ્યક્તિગત આક્ષેપવાળો પ્રશ્ન **અમદાવાદમાં** ઉપસ્થિત કરી સાધુ સમાજમાં કુસંપનો વધારો કરેલો છે; એટલું જ નહિં પરંતુ તે કુસંપની ચીનગારીઓ એટલે સુધી વૃદ્ધિ પામી છે કે તે સાથે દીક્ષાના પ્રકરણથી મુંબઇમાં મુનિ શ્રી રામવિજયજીને કોર્ટમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નૂતન વર્ષનું મંગલમય વિધાન.

ઘસડાવા સુધીનો દાવાનળ પ્રકટી ચૂકયો છે, દેડકાં પ્રકરણ, આસ્તિક નાસ્તિકના વ્યકિતગત આક્ષેપો, દીક્ષાના સ્થળ, કાળ, વ્યકિત, અધિકારનો ઉપયોગ, ખંભાત, વાસદ, છાણી અને જામનગરનાં દીક્ષા પ્રકરણો વિગેરે સર્વ વસ્તુઓએ સાધુ સાધુઓમાં તેમજ ગૃહસ્થોમાં પણ એવો પક્ષભેદ જમાવી દીધો છે, કે જાણે પરસ્પર લાલબાગમાં થયેલ તોફાને જાણે યુદ્ધને માટે મોરચા માંડ્યા હોય અને કોર્ટોમાં વકીલ બારીસ્ટરોદ્વારા પૈસાનું પાણી કરી તે દ્વારા ન્યાયની અભિલાષા રાખી અપૂર્વ જીત મેળવવા ઇચ્છા કરી હોય ! આ બધું જૈન સમાજની અધોગતિનું પ્રત્યક્ષ ચિન્હ છે અને તે કલેશરૂપી દાવાનળનું પરિણામ કયાં જઇ અટકશે તે કાળના ગર્ભમાં છુપાયલું હોઇ કહી શકાય તેમ નથી. પૂજ્યપાદ મુનિરાજ શ્રી વલ્લભસૂરીશ્વરજીએ જેવી રીતે શાંતતા ગ્રહણ કરી છે તેવી જ રીતે મુનિ શ્રી રામવિજયજીએ 'મંડનાત્મક શૈલિ' ગ્રહણ કરી શાંતતા ધારણ કરવાની આવશ્યકતા હતી અને છે. 'ખંડનાત્મક' નહિં પરંતુ 'મંડનાત્મક' રીતે ધર્મોપદેશની પદ્ધતિ ગ્રહણ કરવાની આવા સંજોગોમાં ખાસ આવશ્યકતા હોઇ શકે. અમો મુનિ શ્રી રામવિજયજીને હજી પણ વિનંતિ કરીએ છીએ કે 'ઉત્તરસાધકો અને સુલેહ સમિતિઓ' વિગેરેને અલગ અનામત રાખી 'સ્વયમેવ' પૂજ્યપાદ શ્રી વલ્લભસૂરીશ્વરજીને સન્માન અને પ્રેમપૂર્વક રૂબરૂમાં મળો, ઐકય સાધો, વિવાદાત્મક પ્રશ્નો અલગ રાખો, પત્રોમાં આવતી કલેશ પરંપરાને અટકાવો અને મુંબઇના જનસમાજ ઉપર 'બેવડા' દૃષ્ટિબિંદુથી કેમ ઉપકાર સધાય તેવી શૈલિવાળા પ્રયત્નો શરૂ કરી દીઓ અને તમામ કલેશના સાધનો તેમજ નિમિત્તોને તિલાંજલિ સમર્પી દીઓ; આ અમારી વિનંતિ નિષ્ફલ નહિ જ જાય એવી અમારી મનઃકામના છે.

દીક્ષાના પ્રકરણમાં મુનિ શ્રી રામવિજયજી તથા શ્રી આનંદસાગરસૂરિને વિશેષ વિનંતિ કે જૈનસમાજની કોઇપણ વ્યકિત દીક્ષાની વિરોધી હોઇ શકે જ નહિ, પરંતુ શાસ્ત્રકાર જ્યારે દેશ, કાળ, ક્ષેત્ર અને ભાવ ઉપર દૃષ્ટિ રાખવા સૂચવે છે ત્યારે અનેક મનુષ્યોને આર્ત–રૌદ્ર ધ્યાન થાય તેવા ઉપાયોથી સુદૂર રહી, જ્ઞાનગર્ભિત વૈરાગ્યને વધારે પ્રમાણમાં વજન આપી શિષ્યોનો વધારો સુખેથી કરો તેમજ વર્તમાન જમાનાને પ્રતિકૂળ માતા પિતા કે વાલીના રજા વગર દીક્ષા આપવાની ઉતાવળમાં પડતાં કલેશો અને કુસંપ વધે, અન્ય દર્શનીઓમાં હાંસી તથા ધારાસભામાં ઠરાવો કરાવવા પર્યંતની સ્થિતિ આવે; જેથી શાસનની હેલનાથી બચી શકાય અને મંડનાત્મક રીતે સુંદરમાં સુંદર અને ઉત્તમોત્તમ દીક્ષાનું કાર્ય પણ સફલિત રીતે સધાય, તેવો પ્રબંધ સ્વીકારો; આ અમારી નમ્ર વિનંતિનો ઉપયોગ ઉપરોકત બન્ને સમર્થ વિદ્વાનો વિચારશે તો અનેક મનુષ્યોને સન્માર્ગમાં લાવી શકાશે તેમજ તેમના પ્રતિ સદ્ભાવનાની પ્રેરણા પ્રકટાવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાંધીજીના 'પાવક જ્વાળાના' લેખથી ગત વર્ષમાં 'વાછરડા અને વાંદરા' પ્રકરણ શરૂ થયું હતું; તેમના ક્ષણે ક્ષણે ફરતા સિદ્ધાંતોમાંના એકે રીબાતા વાછરડાના પ્રાણ ઇરાદાપૂર્વક લીધા હતા; અને તે અહિંસાત્મકસિદ્ધાંત તરીકે સ્થાપન કરીને; પરંતુ તેની સામે અનેક વિદ્વાન લેખકોએ સિદ્ધાંતિક દષ્ટિએ વિરોધ બતાવી 'ક્રિશ્ચિઆનિટિને મળતા તેમના સ્થાપન કરેલા તત્ત્વોનું' ખંડન કરી જૈનધર્મની દષ્ટિએ પ્રસ્તુત વાછરડાની હિંસાને 'હિંસાત્મક રીતે' સિદ્ધ કરી સમાજ સમક્ષ અચ્છી રીતે પ્રતિપાદન કરેલું છે અને એમના અહિંસાના તત્ત્વનો 'દુરૂપયોગ' પ્રત્યક્ષ રીતે બતાવી આપેલ છે; જો કે તેઓશ્રીએ પોતાના વિચારો ફેરવ્યા નથી એ ભલે તેમને મુબારક હો; પરંતુ હિંસા—અહિંસાનું પૃથક્કરણ શાસ્ત્ર નિરપેક્ષપણે ( without religions point of view ) મનઃકલ્પિત સિદ્ધાંતદ્વારા થાય એ તદ્દન તેમના માટે ધાર્મિક સિદ્ધાંતને નિકૃષ્ટ સ્વરૂપમાં મુકવા માટે ઘણો ખેદજનક બનાવ બન્યો છે; કેમકે તેઓશ્રી રાષ્ટ્રનેતા હોઇ તેમના ધાર્મિક સિદ્ધાંતોનું અનુકરણ કરવા અનેક મનુષ્યો તૈયાર થઇ જાય અને એ રીતે અનર્થપરંપરા અનેક મનુષ્યોના માનસમાં સિદ્ધાંતરૂપે દાખલ થઇ જાય.

નવપદ આરાધક સમાજ તરફથી શેઠ શ્રી માણેકલાલભાઇ મનઃસુખભાઇએ અમદાવાદમાં ગતવર્ષમાં અપૂર્વ આરાધના કરી મનુષ્ય જીંદગીનું સાર્થકય કર્યું છે. લક્ષ્મી અને શ્રદ્ધાનો સંયોગ પ્રાપ્ત થવો એ પૂર્વ પુણ્યની નિશાની છે; ખંભાતથી સંઘવી તારાચંદ ત્રાકરચંદ તથા રાધનપુરથી શેઠ જીવતલાલ પ્રતાપસીએ 'છ'રી પાળતાં સંઘ કાઢી અપૂર્વ પુણ્ય ઉપાર્જન કરેલું છે; કેમકે 'છ'રી પાળતાં સંઘોમાં વચ્ચે અનેક ગામોમાં જીર્ણ દેરાસરો, ઉપાશ્રયો તથા સીદાતા શ્રાવકવર્ગની પરિસ્થિતિઓ તપાસાય છે; અને તેને અંગે લક્ષ્મીના સદ્વ્યયના અનેક ઉપકારો થવા પામે છે; મુખ્યત્વે કરીને આ બે સંઘોમાં બે તત્ત્વો દષ્ટિગોચર થાય છે, એકતો ખંભાતવાળા સંઘવીશ્રીની સામાન્ય શ્રીમંતાઇના પ્રમાણમાં પૂજ્યપાદ શ્રી વિજયનેમિસૂરીશ્વરજીના નેતૃત્વ નીચે લક્ષ્મીના સદ્વ્યયની અસાધારણ ઉદારતા, તેમજ શેઠ જીવતલાલના સંઘને અંગે બજાણાના મુસ્લીમ દરબારશ્રી તરફથી દશ દિવસોની પોતાના રાજ્યમાં 'અમારિ ઉદ્‌ઘોષણાનો' થયેલો લાભ તથા લીંબડી દરબારશ્રીના તરફથી પણ સ્વરાજ્યમાં તેર દિવસોની 'અમારિ ઉદ્‌ઘોષણાજન્ય લાભ'—હમેશને માટે કાયમ કરી આપવાનો હુકમ તથા વઢવાણ શેહેરના બાર વર્ષોના જ્ઞાતિ કુસંપનું નિવારણ વિગેરે મહત્ત્વનાં અનેક કાર્યો થયા હતા; તેની નોંધ લેવી અનુચિત નહિ ગણાય.

ગતવર્ષમાં પૂજ્યપાદ બાલબ્રહ્મચારી શ્રી વિજયનેમિસૂરીશ્વરજીનું કાઠીઆવાડમાં ઘણે વર્ષે મંગળમય આગમન એ પણ ઉચિત સંસ્મરણ છે. તેઓશ્રી બાલ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રહ્મચારી હોઇ પ્રખર ઓજસ્વી વિદ્વાન્ વક્તા છે તેમજ ખાસ કરીને અત્યારના કલેશોત્પાદક કાર્યોથી તટસ્થ અને સમાધાન પ્રિય વિચારના હોઇ તેઓશ્રીએ તળાજા મુકામે શ્રી આનંદસાગરસૂરિને કલેશ દૂર કરવાની ઉચિત શિક્ષાના પાઠો આપ્યા; તેમના કહેવા પ્રમાણે તેઓશ્રીએ કર્યું હોત—તેમજ પત્રકારોની શૈલિ વ્યક્તિગત આક્ષેપોથી રહિત થઇ મંડનાત્મક શૈલીએ કામ હજી પણ કરે તો કલેશની સમાપ્તિ બનતી ત્વરાએ થતાં **શ્રી વિજયનેમસૂરીશ્વરજી** મહારાજ જેવી પ્રભાવશાળી વ્યક્તિ સાધુ સંમેલનના દિવસોનું પ્રભાત પ્રકટાવી શકે; તેઓશ્રી જૈન સમાજમાં ચાલી રહેલા મુનિ કુસંપરૂપ અંધકારને દૂર કરી શાંતિમય સામ્રાજ્ય ફેલાવવા કટિબદ્ધ થઇ શકે તેવી શક્તિવાળા હોઇ તેમને અમારી નમ્ર વિનંતિ છે કે તેઓશ્રી અખિલ સાધુ સંમેલન શ્રીમાન પ્રવર્તકજી મહારાજ **શ્રી કાન્તિવિજયજી** મહારાજ તથા **મુનિરાજ શ્રી હંસવિજયજી** મહારાજ જેવા શાંતમૂર્ત્તિ મુનિરાજોની સહાયવડે તટસ્થ સ્થળે ભરવા ઉચિત પ્રયાસ કરી સમાજમાં પ્રસરી રહેલ કલેશનું વાતાવરણ દૂર કરવા તેમજ શાંતિનું સામ્રાજ્ય ઉત્પન્ન કરવા વીર્યશકિત ફોરવે જેથી તેઓશ્રીનું કાઠીયાવાડમાં મંગળમય આવાગમન ચિરસ્મરણીય થઇ પડે.

વાંચક મહાનુભાવો ! આજે સાધુ સમાજના અનેક કલેશમય વાતાવરણથી જૈનસૃષ્ટિ છવાઇ રહી છે, તે પ્રસંગે જૈન કોન્ફરન્સની સજીવનતાની આશા આકાશ કુસુમવત્ અશકય થઇ પડી છે; તેમજ જ્ઞાતિના ઉદ્ધારના માર્ગો અત્યારે પણ બંધ પડી ગયા છે.

ગત વર્ષમાં આપણને શ્રી સમ્મેતશિખરજી અને અંતરીક્ષજી તીર્થના કોર્ટમાં ચાલતા કેસોમાં સંપૂર્ણ રીતે ફતેહ મળી ચૂકી છે એ આનંદજનક પ્રસંગની નોંધ લેવાવી જ જોઇએ. આ બન્ને તીર્થોને અંગે આપણા અને દિગંબર ભાઇઓના પૈસાનો કોર્ટદ્વારા થતો દુર્વ્યય બંધ થઇ ગયેલ છે; દિગંબર ભાઇઓ હવે અન્ય તીર્થોના હક્કો માટે આપણી વચ્ચે કોર્ટદ્વારા ન આવતાં પરસ્પર મળીને સમાધાન મેળવી લીએ તે એક મહાવીર પિતાના બન્ને પુત્રોને માટે ઉચિત ફેસલો ગણાશે.

આરોગ્યતાના વિષયમાં ગતવર્ષમાં ડૉ૦ રતીલાલ એસ શાહે વગર ફીએ ભાવનગરમાં આવી આંખોના સંખ્યાબંધ દરદીઓને તપાસી નિદાન કરી આપ્યું હતું અને તે માટે વડવા શ્રી જૈન મિત્ર મંડલની સેવાની નોંધ લેવી સમયોચિત છે. જૈન સૃષ્ટિમાં આવા સેવા ભાવનાવાળા સંખ્યાબંધ ડૉકટરો ઉત્પન્ન થવાની ખાસ આવશ્યકતા છે; કેળવણીને સહાય કરતી જૈન સંસ્થાઓ જ્યારે આવા સેવાભાવી ડૉકટરો સારા પ્રમાણમાં ઉત્પન્ન કરશે ત્યારે જ જૈન પ્રજાની શારીરિક ઉન્નતિ માટેનો પ્રયાસ સફળ થશે; તે સાથે સીનેમા મારફત આરોગ્યતાનું જ્ઞાન ફેલાવવાનો મુંબઇમાં જૈન વીશાશ્રીમાળી ગોઘારી દવાખાના કમીટીનો પ્રયાસ ઘણો સ્તુત્ય છે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેથી અમો ખાસ સૂચના આપીએ છીએ કે જૈન સમાજને વ્યાધિ અને તેનાં સ્વરૂપો ફીલ્મોદ્વારા ગુજરાત કાઠીયાવાડમાં દર્શાવવા પ્રગતિમાન પ્રયાસ સેવી ડૅાકટરોનાં બીલો અને વ્યાધિઓનાં વિકૃત સ્વરૂપોને જૈન સમાજમાં અટકાવવા ફતેહમંદ થતાં અનેક કુટુંબોના આશીર્વાદ મેળવે.

વ્યાયામશાળાઓ સ્થાપવા તરફ હજી જૈન શ્રીમંતોનો વિચાર પ્રવાહ વધી શકયો નથી. વ્યાયામશાળાની પ્રત્યેક શહેર અને ગામોમાં મુંબઇની જેમ જૈન સમાજ તરફથી સફળ સ્થાપના થઇ જવી જોઇએ. આ બાબતમાં આર્ય સમાજનું અનુકરણ કરી જૈન પ્રજાને જો ગુંડાઓ વચ્ચે નિર્માલ્ય જીવન ન જીવવું હોય તો શ્રીમંતોએ પોતાના દાનપ્રવાહની દિશા તે તરફ પહેલી તકે વાળવી જોઇએ; ત્યારપછી મુંબઈ જેવા શહેરમાં એક ખાસ જૈન કોલેજની પ્રસ્તુત જમાનાને બંધબેસ્તી રીતે સ્થાપવાની જરૂરીઆત અમો જોઇ શકીએ છીએ તેમ જ જૈનધર્મના જ્ઞાન સંપાદન માટેની એક 'સીરીઝ' સાર્વજાનક રીતે તમામ શાળાઓમાં એક સરખી રીતે ઉપયોગી થઇ શકે તેમ તૈયાર કરાવવાની વહેલી તકે આવશ્યકતા અમો જોઇએ છીએ.

ગતવર્ષમાં મુંબઇમાં અને તેને અનુસરીને બીજા ગામોમાં પણ જૈનયુવક સંઘોની સ્થાપના થવા માંડી છે; મુંબઇ યુવક સંઘના સંચાલકોને સપ્રસંગ સૂચવીએ છીએ કે તમો સુધારક દષ્ટિએ ગમે તેવા ઉદ્દામ વિચારના હશો તોપણ તમારા તે વિચારો જન સમાજને ત્યારે ઉપયોગી નીવડશે કે જ્યારે સમાજ તમારા વિચારોની સાથે સહેલાઈથી ભળી શકે તેવું વાતાવરણ ઉત્પન્ન થશે; તેમજ સ્વતંત્ર રીતે યુવક સંઘની પ્રત્યેક વ્યકિત અંતઃકરણ પૂર્વક પ્રમાણિકરીતે પોતાના સુધારક વિચારને વળગી રહી 'સ્વયમેવ' અમલમાં મુકતા જશે તોજ સમાજને ધારેલે સ્થળે દોરવી શકાશે. ખાસ કરીને વિનય અને સંયમ પૂર્વક કાર્યદક્ષતા ( efficiency ) નું દષ્ટિબિંદુ વડીલો તરફ ચુકવું જોઇશે નહિં. તોજ સક્રિય ( active ) પરિણામ ઉપજાવી શકાશે; એ લક્ષ્યમાં રાખવા પુનઃ ભલામણ છે તેમજ તેવા યુવક સંઘો દરેક સ્થળે સ્થપાવાની અમો જરૂર જોઇયે છીયે.

શ્રી યશોવિજય જૈન ગુરૂકુલ પાલીતાણા માટે શેઠ કેશરીચંદ ભાણાભાઇ તરફથી લગભગ 'દશ હજારની' મદદ મળતાં પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબના આધિપત્ય નીચે 'શેઠ કેશરીચંદ ભાણાભાઇ વિદ્યાર્થીભુવન' ખુલ્લું મુકવાનો ભવ્ય મેળાવડો ગતવર્ષમાં થયો હતો; જૈન સૃષ્ટિમાં ફકત ગુજરાનવાલા અને પાલીતાણાના બેજ ગુરૂકુળો છે. આવાં ગુરૂકુલો સ્થળે સ્થળે ઉઘાડવા જોઇએ. આ બાબતમાં આર્યસમાજના દાનપ્રવાહનું ખાસ અનુકરણ કરવું જોઇએ. દુઃષમ કાળમાં જિનાગમ અને જિનબિંબ એ બેને શાસ્ત્રકારે શાસન ટકાવી રાખવાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુખ્ય સ્તંભો માનેલાં છે તે અનુસારે જિનાગમનું તત્ત્વજ્ઞાન આવા ગુરૂકુલોદ્વારા મળી શકે છે; તેમાંથી જ વિદ્વાન નરરત્નો પેદા કરી શકાય છે; પ્રાચીનકાળમાં ગુરૂકુળ અને કુલપતિના આશ્રમો હતા; વિદ્યાર્થી **अन्तेवासी** કહેવાતો કારણ કે એ ગુરૂના અન્તિકમાં અર્થાત્ પાસે વસતો. અને એ રીતે ફકત વિદ્યાનો જ નહિં પણ એના સમગ્ર સ્વરૂપનો લાભ લઇ શકતો; ઉપમિતિ ભવ પ્રપંચા કથા વિગેરેમાં કલાચાર્ય પાસે વિદ્યાર્થીઓને મુકવાના દષ્ટાંતો સ્થળે સ્થળે આવે છે; ગૃહમાં જેમ એક કુલભાવના–ભવભૂતિ જેને ' કુલધન ' કહે છે–એ જાળવવાની સાથે જુદાં જુદાં સ્વભાવનાં ભાંડુઓ પોતાનું સ્વતંત્ર વ્યકિતત્વ કેળવે છે, તેમ ગુરૂકુળમાં પણ બ્રહ્મચર્ય અને ધાર્મિક ભાવના સિદ્ધ કરવાની સાથે વિદ્યાર્થીઓ પોતપોતાની પ્રકૃતિને અનુસરીને પોતપોતાનું સ્વતંત્ર વ્યકિતત્વ મેળવી શકે છે; આટલો નિર્દેશ કરી લેવા પછી પહેલાંના ગતવર્ષમાં પુના મુકામે મુનિશ્રી દર્શન-વિજયજી તરફથી કરાયલી શરૂઆતને લગભગ મળતા અનુકરણરૂપે ગતવર્ષમાં જૈનપ્રદર્શન અમદાવાદ જૈન યુથલીગ તરફથી ભરાયા માટેની નોંધ સહર્ષ લઇએ છીએ અને એ પ્રયાસ દરવર્ષે અવનવા સ્વરૂપમાં ચાલુ રાખવા સૂચના કરીએ છીએ. જૈનસમાજમાં દાનવીર શેઠ દેવકરણ મુળજીની ખોટ પણ અનિવાર્ય છે; છેલ્લાં છેલ્લાં પૂજ્યપાદ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના પરિચયમાં પૂર્વપુણ્યના યોગે આવવાથી જીવનની અંતિમ ઘટિકાઓને પણ સુધારી લીધી છે અને એ આત્માનો સ્વર્ગવાસ થતાં જૈન સમાજે એક દાનવીર વ્યકિત ગુમાવી છે.

તદુપરાંત આ સભાના વયોવૃદ્ધ પ્રમુખ શાહ મગનલાલ ઓધવજીનો સ્વર્ગવાસ થવાથી આ સભાને પણ ખોટ પડી છે; તેઓ વિદ્વાન્ છતાં સાદા તેમજ મિલનસાર હતા, શાંતિ અને અડગ નિશ્ચયથી આ સભાનું પ્રમુખ તરીકેનું કાર્ય બજાવી રહ્યા હતા; આટલું ગત વર્ષનું સિંહાવલોકન કરાયેલ છે જે અસ્થાને નથી.

## लेखदर्शन—

ગત વર્ષમાં ૬૧૩ પાનાંઓમાં ૭૫ ગદ્ય લેખો અને ૩૪ પદ્ય લેખો મળી કુલ ૧૦૯ લેખો આપવામાં આવ્યા છે, પદ્ય લેખોમાં શ્રીમદ્ અજિતસાગરસૂરીશ્વરના પાંચ લેખો સંસ્કૃત ભાષાના વાહન ( vehicle ) ઉપર ભકિતરસનો પ્રવાહ ફેલાવતાં અગ્રપદ ધરાવે છે, તેમના પાંચ લેખો શ્રી મહાવીર જિન સ્તવન, હરિભદ્ર-સૂરિ ગુણાષ્ટક વિગેરે વિવિધ પદ્યરચનાથી સંકલિત થયેલા છે; ત્યારપછી ન્યાયતીર્થ શ્રી ન્યાયવિજયજીના બે પદ્ય લેખો વીતરાગ સ્તોત્ર વિગેરે પણ સંસ્કૃત ભાષામાં ઓજસ્વી શૈલિ રજુ કરે છે, ગુર્જર ભાષાવાળા પદ્યો પરત્વે રા૦ વેલચંદ ધનજીના ગતવર્ષમાં સાત લેખો છે જેમાં ' સ્વાશ્રયી જીવન અને નવપદજી આરાધના ' વિગેરે આત્મસ્વાતંત્ર્ય અને ભકિત વિગેરે સદ્‌ગુણોના દ્યોતક છે; મનઃસુખલાલ ડાહ્યા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાઈના લેખો હંમેશની ભાવવાહી (abstract) શૈલિ પ્રમાણે 'દુનીઆના રંગ તથા જીવલડાને જાગૃતિરૂપ' વૈરાગ્ય ભાવનાથી ઓતપ્રોત હોઇ જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી તૈયાર થયેલ આત્માને લાગણી (instinct) પૂર્વક સ્પર્શ કરનારા છે; એમનું કવિજીવન વિશેષ વિકાસ પામતું જાય છે; રા૦ વાડીલાલ ચોકસીના 'જ્ઞાન અને વિનય તથા હવે ક્યારે ?' વિગેરે ચાર પદ્યો રસિક ભાષામાં છે તેમજ કવિજીવનની સુંદર આગાહી આપી રહ્યાં છે; આ ઉપરાંત મુનિરાજ લબ્ધિવિજયજીનું આત્મસ્તવન, ઝવેરી કલ્યાણચંદના 'આત્મોપદેશ' વિગેરે બે પદ્યો, પી. એમ શાહનું 'પુરૂષાર્થ અષ્ટક,' રા૦ નિર્મળનું 'મહંતોને ચરણે' તેમજ રા૦ છગનલાલ નહાનચંદ નાણાવટીના 'પરદારા' વિગેરે ત્રણ પદ્ય લેખો, તથા બીજી અન્ય કાવ્ય સામગ્રી ભવ્ય અને ઉત્તમ વિચારો પુરા પાડે છે; કાવ્યસૃષ્ટિને રસમય કરતા અને સદ્દગુણોના ઉપદેશને વેરતા આ તમામ લેખો જૈનસૃષ્ટિમાં નૂતન પ્રવાહ ફેલાવે છે.

હવે ગદ્યાત્મક લેખોના પ્રકટીકરણમાં શ્રી 'તીર્થંકર ચરિત્ર' કે જે જૈન દર્શનના મૂલભૂત સિદ્ધાંતો અગીઆર અંગોમાં માગધી ભાષામાં આવેલાં છે, તેનું ભાષાંતર મુનિ શ્રી દર્શનવિજયજી તરફથી પ્રકટ થાય છે, જે ઐતિહાસિક સંશોધકનો નવો પ્રકાશ આપે છે; સન્મિત્ર શ્રી કર્પૂરવિજયજી તરફથી ગત વર્ષમાં 'વિદ્યાર્થી વાંચન વિભાગ' ચાલુ રાખવાનું વચન અપાઇ ચુકયું છે. જેથી વિદ્યાર્થીઓને સુસંસ્કારો પાડવાના અમોઘ સાધન રૂપે તેમના લેખો આવવા શરૂ થઇ ગયેલ છે; 'વિદ્યાર્થીઓને હિતોપદેશ, જીવનદોરી, સાચા વિદ્યાર્થીની ભાવના, ઉત્તેજક વચનો' વિગેરે લેખો ખાસ ઉપયોગી છે. તેમજ 'આભાણશતકનું ભાષાંતર આત્મ નિરીક્ષણ, કષાય, મહાવીરનું સન્યસ્ત જીવન વિગેરે લેખો તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ ઉપયોગી હોવાથી સરળ અને પ્રાચીન શૈલિ પ્રમાણે ઉપદેશક દૃષ્ટિએ સુંદર સમજણ આપે છે, રા૦ મોહનલાલ ડી૦ ચોકસીએ 'જૈન ધર્મ અને આપદ્ ધર્મના' લેખો સચોટ અને માર્ગદર્શક શૈલિએ લખેલા છે. રા૦ વિઠ્ઠલદાસ મુળચંદ બી. એ. ના ગ્રંથ વાચન, સુખ અને શાંતિ, તથા દૈવી ઇચ્છા વિગેરે અગીઆર લેખોમાં અનેક ઉપયોગી વિચારો મંડનાત્મક શૈલિથી આવેલા છે જે નૈતિક તેમજ ધાર્મિક દૃષ્ટિબિન્દુથી આચારમાં મુકવા માટે સમાજને માર્ગદર્શક થઈ પડે તેમ છે; પૂ૦ શ્રી વિજયકેશરસૂરીશ્વરનો 'પરમાત્માના સ્મરણ' નો લેખ સરળ શૈલિથી અધ્યાત્મમય છે; પ્રાણીઓ તે પ્રમાણે અમલ કરે તો અવશ્ય સુખ અને શાંતિનું વાતાવરણ આસપાસ જામી જાય; રા૦ આત્મવલ્લભનું સ્ત્રી ઉપયોગી લેખોના વિભાગમાં મુખ્ય સ્થાન દૃષ્ટિગોચર થાય છે; તેમના 'આપણી સ્ત્રી કેળવણી, ગૃહિણીનું કર્તવ્ય, સ્ત્રી સ્વાસ્થ્ય રક્ષા' વિગેરે પાંચ લેખો સ્ત્રી જગતમાં વ્યવહારિક તેમજ ધાર્મિક કેળવણીનું દૃષ્ટિબિંદુ (Standpoint) રજુ કરે છે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રા૦ જગજીવન વીરચંદ ઝવેરીએ સ્ત્રી વિભાગમાં ' આદર્શ પત્નીના ' લેખથી તથા લાલચંદ જયચંદ વહોરાએ ' વિદ્યાર્થીઓને અંગે ' એ લેખથી વિદ્યાર્થી વિભાગમાં ઉપયોગી સેવા આપી છે; રા૦ નાનચંદ ઓધવજી જેઓ વારંવાર પોંડીચેરીમાં શ્રીયુત અરવિંદ ઘોષ પાસે યોગની ' તાલીમ લે છે, તેમના તરફથી ' શાંતિ તથા ત્રણ પ્રકારના આત્માઓ ' વિગેરે ત્રણ લેખો જાણે કે યોગની એકાગ્રતાની મૂર્તિમાન અસર રૂપે લખાયા હોય! તેમ લાગે છે; પોંડીચેરીમાં મળેલો યોગાનુભવ તેઓ હવે પછી નૂતન વર્ષમાં આપશે તો સમાજ ઉપર નૂતન સેવાનો લાભ તેઓ ખાટી જશે; રા૦ શાંતિલાલ મગનલાલ શાહનું ' ગૃહપતિ અને તેનું જીવન અને કર્તવ્ય ' એ લેખ ગુરૂકુલ અને બોર્ડીંગના ગૃહપતિઓ ( house masters ) ને વિશેષ ઉપયોગી છે તેમજ મનનીય છે; રા૦ નરોતમ બી. શાહના કેળવણી સંબંધમાં બે લેખો કેળવણીની પ્રગતિના માર્ગદર્શક છે; શ્રી તુલનાત્મક દૃષ્ટિના ફક્ત બેજ લેખો ગતવર્ષમાં આવેલા છે તેમને વર્તમાન સામાજિક અને ધાર્મિક દૃષ્ટિએ પ્રત્યેક માસે સતત લેખો આપવા વિનંતિ કરીએ છીએ; તદુપરાંત જૈન સૃષ્ટિમાં નવું સાહિત્ય પ્રતિમાસે બહાર પડે છે તેનું પત્રક અમોએ ત્રણ વિભાગમાં આપલું છે જેમાં પુસ્તકનું નામ, કર્તા, વિષય, મળવાનું સ્થળ અને કિંમત બતાવેલ છે; હવે પછી નૂતનવર્ષમાં પણ તે પદ્ધતિ ચાલુ રાખવા ઇચ્છા છે. સેક્રેટરી તરફથી વર્તમાન સમાચાર તથા ગ્રંથાવલોકનના પ્રકીર્ણ લેખો લગભગ પચીશ આવેલા છે; તેમજ પીઠપૃષ્ઠ ઉપરના બાર લેખો આધ્યાત્મિક, રાષ્ટ્રીય સેવકો, સાક્ષરો, અને કવિઓના ઉતારા રૂપ છે જેમાં પ્રો૦ ધ્રુવ, કવિ ન્હાનાલાલ, તથા શ્રી યજ્ઞુર્વેદી, તથા પ્રફુલ્લચંદ્ર રૉય વિગેરેનો મુખ્ય છે.

આ તમામ લેખ સામગ્રી, જુદા જુદા દૃષ્ટિબિંદુથી મનુષ્યોની આત્મભૂમિકા ઉપર સુંદર પરિણામની ઉત્પાદક ( creative ) છે; આધ્યાત્મિક શાંતિ, નૈતિક મનોબળ, આરોગ્ય, વીરતા, પશ્ચાત્તાપ, વૈરાગ્ય, પુરૂષાર્થ, ભકિત, જ્ઞાન, યોગ અને અનિત્યતા વિગેરે આત્માના અનેક ગુણોને વિકસાવનાર છે; પરંતુ આત્માનું ઉપાદન કારણ જાગૃત તૈયાર હોય તો જ; નહિં તો લેખોના ઢગલાઓ પણ આત્માના ઉત્ક્રાંતિ ક્રમને ( Stage of evolution ) વધારી શકતા નથી; આ ઉપરથી એ ફલિત થાય છે કે આત્મજાગૃતિ રાખી પ્રત્યેક લેખો વાંચવા, વિચારવા અને નિદિધ્યાસન કરી અમલમાં મૂકવા.

નૂતન વર્ષમાં ઉપરના તમામ ગદ્ય પદ્ય લેખકોને નૂતન લેખ સામગ્રી સાથે પ્રેરક થવા આમંત્રીએ છીએ. તેમજ અન્ય પ્રતિભાશાળી લેખકોને ઉત્તમ લેખો દ્વારા સેવા વ્યકત કરવા સાદર નિમંત્રણ કરીએ છીએ.

**अभिलाषाः—**

પ્રસ્તુત સભા તરફથી **वसुदेव हिंडी** જેવા પ્રાચીન પ્રાકૃત અપૂર્વ ગ્રંથનો લગભગ એક વિભાગ તૈયાર થઇ ગયો છે, જે થોડા વખતમાં બહાર પડી જશે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમના વર્ષોમાં આપેલા વચન મુજબ સ્ત્રી વાંચન વિભાગ તથા વિદ્યાર્થી વાંચન વિભાગ પત્રમાં ચાલુ થઇ ચૂકયા છે જે સ્ત્રી અને વિદ્યાર્થી જગત્‌માં ભવિષ્યમાં અપૂર્વ રીતે ઉપકારક થશે; નવીન વર્ષમાં નવીન ગ્રંથ પ્રકાશન, સસ્તું સાહિત્ય પ્રચાર, જૈન સૃષ્ટિમાં પ્રકટ થતા નવીન સાહિત્યોનું માહિતીપૂર્ણ કોષ્ટક, તથા ગ્રંથ સીરીઝની સ્ત્રી ઉપયોગી તથા આધ્યાત્મિક અને ચરિતાનુયોગ વાળી પ્રવૃત્તિમાં વૃદ્ધિ વિગેરેમાં અમારૂં માનસ ( Mental atittude ) ઉત્સાહિત થઇ રહેલ છે એ અમારા અભિલાષને વ્યકત કરતાં આ સભાના યત્કિંચિત્ કાર્યની કદર તરીકે સીલ્વર જયુબીલી માટે પુન: સ્મરણ જાગૃતિ આપી શ્રી સંઘને અમારા ઉચિત કર્તવ્યોમાં સહાય અર્પવા પ્રાર્થના કરીએ છીએ.

**अंतिम भावनाः—**

**વિ**કાસ એ એક પ્રકારનો એવો પ્રાકૃતિક ગુણ છે કે જે ક્ષણે ક્ષણે અસ્તિત્વમાં હોવા છતાં સર્વ ક્ષણે આપણી નજરે આવતો નથી; બાળક એ સર્વદા વૃદ્ધિંગત થતો જીવ છે; પ્રતિક્ષણે તેનો શારીરિક અને માનસિક વિકાસ થયેજ જાય છે; તેના માતાપિતા એ વિકાસને જોઇ શકતા નથી; આ પ્રમાણે વ્યકિત જીવન, સંસ્થાઓ અને ભાવનાઓ એ પરસ્પરનાં ઉપકારક અને અનિવાર્ય તત્વો છે જેના વિકાસની પ્રબળ અસર એકની બીજા ઉપર થાય છે; વચનોમાં રહેલી શકિતની અસર વ્યાવહારિક દૃષ્ટિએ વાંચકોથી છૂટી પાડી શકાતી નથી; બીજી દૃષ્ટિએ નિશ્ચય નયથી. જેટલા નયો અથવા જ્ઞાનની કળાઓ છે તેટલા વિશ્વ છે અર્થાત્ સ્થૂલ વિશ્વ તેનું તેજ રહેવા છતાં જેમ અજ્ઞાનનાં આવરણો છેદાતાં જાય છે તેમ તેમ તે નવા ઉપલબ્ધ થયેલા જ્ઞાન ( Vital power ) ના પ્રકાશમાં વિશ્વ નવું રૂપ ધારણ કરતું જાય છે; વિશ્વ બદલાતું નથી પરંતુ મનુષ્યનો આત્મા–તેની સમજણ ( consciousness ) બદલાય છે; બાહ્ય વિશ્વ એ મનુષ્યની આંતર અવસ્થાની પ્રતિછાંયા માત્ર છે; પરમાત્મા જ્ઞાનરૂપે વિરાટ સ્વરૂપમાં રહેલા છે. એટલે કે સર્વવ્યાપી છે; એ પરમાત્મા શ્રી મહાવીરે પ્રબોધેલા **નવપદોની ત્રિકરણ** યોગવાળી **ભ**કિત પ્રત્યેક આત્માને દિવ્ય ઓજસ પ્રેરે છે; એ **નવપદના** અધિષ્ઠાતા શ્રી **વિમલેશ્વર** દેવ અને **ચક્રેશ્વરી** દેવી–ઉભય દિવ્યશકિતઓ ( divine deities ) નૂતન વર્ષમાં સાધુ અને ગૃહસ્થ સમાજમાં કલેશોની ઉપશાંતિ કરી સુસંપ પ્રકટાવો તેમજ નવીન વર્ષમાં પ્રસ્તુત પત્રના લેખકો અને વાંચકોમાં ઉત્સાહ અને સેવા ભાવનાનું બળ પ્રકટાવી પ્રગતિમાન યોજનાઓ ( designs ) યોજો એ મંગલમય પ્રાર્થના પ્રેરી ઉપસંહારમાં નીચેનો સ્તુતિ શ્લોક સાદર કરી વિરમીએ છીએ.

**त्रियोगेन समाराद्धं सारं नवपदात्मकं ।**
**सप्तविंशतिवर्षेऽस्मिन् मंगलं वितनोतु वः ॥ ॐ शांतिः ।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુખ તથા સાફલ્ય.

( ૨ )

**વિઠ્ઠલદાસ મૂ. શાહ બી. એ.**

( ગત વર્ષ બારમો અંક–પૃષ્ટ ૩૦૩ થી શરૂ. )

વિચાર એવી વસ્તુઓ છે કે જે આપણું ચારિત્ર સંગઠિત કરે છે. જો આપણે ભયપૂર્ણ અને દરિદ્રતાના વિચારોમાં રમણ કરતા રહેશું, જો આપણે દરિદ્રતાથી ડરતા રહેશું, જો આવશ્યકતાના ભયથી કંપતા રહેશું તો એ દરિદ્રતાના તેમજ ભયના વિચારો આપણા જીવનપ્રદેશમાં જડ ઘાલી બેસશે અને તેના પ્રભાવથી આપણે એક એવું ચુંબક બની જશું કે દરિદ્રતા તથા લાચારી વધારે ને વધારે પ્રમાણમાં આપણા તરફ ખેંચાતી આવશે.

દયાનિધિ પરમાત્માની એવી ઇચ્છાજ નથી કે આપણે આપણા ઉદર–નિર્વાહ માટે પણ કઠિન સમસ્યાઓની સામે થવું પડે, આપણો અમૂલ્ય સમય માત્ર એ ઝગડામાંજ ગાળ્યા કરીએ અને જીવન–સુધારણાનો આપણને સમયજ ન મળે. આપણને જીવન એટલા માટે આપવામાં આવ્યું છે કે આપણે તેની પૂર્ણતાનો તથા સુંદરતાનો વિકાસ કરીએ. આપણી સૌથી મહાન ઇચ્છા એ હોવી જોઈએ કે આપણે આપણાં મનુષ્યત્વનો વિકાસ કરીએ, આપણે આપણાં જીવનને સુંદર અને ઐશ્વર્યશાળી બનાવીએ. કેવળ જડ દ્રવ્યોની પાછળ આપણું જીવન વ્યતીત કરવા ઉપરાંત માનુષી ગુણોને સંગઠિત કરવામાં આપણા સમયનો વિશેષ ઉપયોગ કરવો જોઇએ.

આજથી નિશ્ચય કરી લ્યો કે દરિદ્રતાના વિચારોને અમે જડમૂળથી કાઢી નાંખશું અને કેવળ આગ્રહ પૂર્વક સમૃદ્ધિનાજ વિચારો સેવશું, કેવળ પૂર્ણતાનાજ વિચારોને અમારી પાસે આવવા દઈશું, ઐશ્વર્યશાળી આદર્શનેજ અમારા આત્મામાં સ્થાન આપશું કે જે આપણી સ્વાભાવિક પ્રકૃતિને અનુકૂળ છે. નિશ્ચય કરી લ્યો કે અમને સુખ સમૃદ્ધિ પ્રાપ્ત કરવામાં જરૂર સફળતા મળશે. આ પ્રકારના નિશ્ચયથી, આશાથી, અભિલાષાથી તમને જે જે વસ્તુની મહાન લાલસા હશે તે સઘળી વસ્તુઓની પ્રાપ્તિ થશેજ. હાર્દિક અભિલાષામાં એક જાતની ઉત્પાદક શક્તિ રહેલી છે.

સત્ય વાત છે કે આપણે આપણા ઉપજાવેલા જ સંસારમાં રહીયે છીયે. આપણે આપણા વિચારોનું જ ફળ છીએ. દરેક મનુષ્ય પોતાના વિચારાનુસાર પોતાનો સંસાર ઘડે છે. તે પોતાની આસપાસના વાતાવરણને કાંતો સમૃદ્ધિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઐશ્વર્ય અને પૂર્ણતાથી સુવાસિત રાખી શકે છે અને કાંતો દરિદ્રતા, ન્યૂનતા તથા અભાવના વિચારોથી નિરાનંદપૂર્ણ બનાવી શકે છે.

મનુષ્યોએ ઉચ્ચ આકાંક્ષાઓ કરવી, ઉંચેજ દષ્ટિ રાખવી અને નીચે ન જ જોવું, એજ મનુષ્યજીવનનો પરમ અને પ્રથમ હેતુ છે. મનુષ્યજીવનનો હેતુ એવો નથી કે તેણે દરિદ્રતામાં સડયા કરવું, પરંતુ એવો છે કે તે મહાન ઉત્તમ પદાર્થો પ્રાપ્ત કરે. પ્રત્યેક મનુષ્યની અંદર પૂર્ણ શ્રેષ્ઠતા, પૂર્ણ સૌંદર્ય, પૂર્ણ મહત્તા, પૂર્ણ ઐશ્વર્ય મોજુદ છે. પરંતુ દરિદ્રતાના વિચારોની સંકીર્ણતાએ આપણને સંકીર્ણ બનાવી મુકયા છે. જો આપણે જીવનનો આદર્શ ઉચ્ચ રાખીએ, જો આપણે આપણાં ઐશ્વર્ય માટે બરાબર દાવો કરતા રહીયે, જો આપણે પ્રચુર પ્રકૃત દ્રવ્યની અભિલાષા કરતા રહીએ તો જરૂર આપણું જીવન પરિપૂર્ણ તેમજ ઐશ્વર્યશાળી બનવાનું. દયાસાગર પરમાત્માની એવી ઇચ્છા નથી કે આપણે ગરીબ રહીએ તો સારૂં, પરંતુ આપણા ભાવોની સંકીર્ણતાને લઇને, આપણા જન્મ સિદ્ધ આદર્શમાં નીચતા આવી જવાને લઇને આપણે આવી શોચનીય દશા આજ કાલ ભોગવી રહ્યા છીએ. મનુષ્યની રચના તેમજ પરિસ્થિતિનો વિચાર કરતા એ વાતના સેંકડો પ્રમાણ મળી શકે એમ છે કે મનુષ્ય જીવન દિવ્ય પદાર્થોના ઉપભોગ માટે જ નિર્માયલું છે જે પદાર્થો અત્યારના કોઇ વિરલ ભાગ્યશાળી પુરૂષોજ પ્રાપ્ત કરતા હશે અને તેનાથી આનંદ પામતા હશે.

આપણામાં ઇશ્વરીય ગુણો ઉતરેલા છે, તો પછી આપણે શા માટે મહાન અને ઉમદા વસ્તુઓની આશા ન કરવી ? વિશ્વમાં જે કાંઇ સૌંદર્ય છે, સુખ સમૃદ્ધિ છે તેના આપણે જરૂર હક્કદાર છીએ. આપણાં મનને ભાવપૂર્ણ બનાવી તેને સારા પદાર્થો તરફ લઇ જવું, તે તે પદાર્થોને મન, વચન, કાયાથી આમંત્રણ કરી બોલાવતા રહેવું એજ તેની પ્રાપ્તિનો રાજમાર્ગ છે.

અહિંઆ જરૂર કંઇ ભુલ થયેલી હોવી જોઇએ કે જયાં મનુષ્યો જગતભરની મહાન અને દિવ્ય વસ્તુઓનો અધિકાર હોવા છતાં પણ, અવર્ણનીય સમૃદ્ધિના સમુદ્રને કિનારે રહેવા છતાં પણ, ઘરનાં ઉંબરા આગળજ ઐશ્વર્ય વહેતું હોવા છતાં પણ ભુખે મરે છે–પોતાના પેટની જવાળાને બુઝાવી શકતા નથી.

આપણા જીવનની અવસ્થાઓ, આપણી આર્થિક દશા, આપણા મિત્રો તથા શત્રુ, આપણી ઐકય દશા તથા વિરોધ એ સર્વ આપણા વિચારોનું જ ફળ છે. જો આપણા માનસિક ભાવો દરિદ્રતાના વિચારો સાથે મળી જશે, જો આપણને ચારે તરફ અભાવ જ જણાયા કરશે તો આપણી પરિસ્થિતિ પણ તેને અનુકૂળ બની જશે. એથી ઉલટું જો આપણા વિચારો ઉદાર તેમજ વિશાળ હશે, આપણા વિચારો સુખસમૃદ્ધિ સંબંધી જ હશે, અને ઇચ્છિત સુસ્થિતિ પ્રાપ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા માટે મન, વચન, કાયાથી પ્રયત્ન કરશું તો આપણી પરિસ્થિતિ પણ આપણા મનોવાંછિત પદાર્થોને અનુકૂળ બની જશે. જે કાંઈ પણ આપણે આપણા જીવનમાં મેળવીએ છીએ તે આપણા વિચારદ્વારોમાં થઈને જ આવે છે અને તેના જેવા જ તેના રૂપ, રંગ તથા ગુણ થાય છે.

જો આપણે જોઇએ કે કોઇ મનુષ્ય અસાધ્ય બિમારીથી લાંબા વખતથી પીડાઇ રહ્યો છે, વર્ષોથી ગરીબાઇથી પીડાઈ રહ્યો છે તો આપણે સમજી લેવું કે તેના માનસિક ભાવોમાં કોઇ ભૂલ અથવા પાપે પ્રવેશ કર્યો છે;જેને લઇને તે સફળ થઇ શકતો નથી.

જો તમે તમારી વર્તમાન સ્થિતિથી અસંતુષ્ટ હો, જો તમને એમ જણાય કે તમારૂં જીવન કઠોર છે, જો તમે તમારા ભાગ્યને દોષ દીધા કરતા હો તો એટલું સમજી લ્યો કે એ સઘળું તમારા વિચારોનું પ્રકૃત પરિણામ છે અને તેમાં તમારી સિવાય કોઇનો દોષ નથી.

યોગ્ય વિચારો જ આપણા જીવનને યોગ્ય બનાવે છે, શુદ્ધ વિચારોજ આપણા જીવનને શુદ્ધ બનાવે છે અને સમૃદ્ધિયુક્ત તેમજ ઉદાર વિચારોજ ઉત્સાહપૂર્ણ પ્રયત્નોનો સહયોગ પામીને ઇચ્છિત ફળની પ્રાપ્તિ કરાવે છે.

મનુષ્ય જાતિનો એક મહાન દોષ એ છે કે તેને દૈવી ખજાના ઉપર યથેષ્ટ વિશ્વાસ નથી હોતો. આપણે તે દૈવી ખજાનાની સાથે પિતાપુત્રનો સંબંધ રાખવો જોઇએ. બાળક ખાતી વખતે એમ નથી કહેતું કે ફરી વખત મને ખાવાનું નહિ મળે એવી બ્હીકથી હું અત્યારે નહિ ખાઉં. પરંતુ મને ખાવાનું ગમે ત્યારે મળશેજ એવા વિશ્વાસ ઉપર રહીને તે સઘળું ખાઇ લે છે.

આપણને આપણા સંભાવ્ય ઉપર અડધો પણ વિશ્વાસ નથી રહેતો. એ કારણને લઇનેજ આપણને જે કાંઇ પ્રાપ્ત થાય છે તે અત્યંત ક્ષુદ્ર હોય છે. જેના ઉપર આપણો અધિકાર છે તે ઐશ્વર્યનો આપણે દાવો નથી કરતા, એ કારણેજ અપૂર્ણતા, સંકીર્ણતા, કૃશતા આપણા જીવનમાં ઉતરી આવે છે. આપણે ઉદારતાપૂર્વક કોઈ પણ વસ્તુની માગણી નથી કરતા. આપણે ક્ષુદ્ર વસ્તુઓ મેળવીને સંતુષ્ટ થઇએ છીએ. ઈશ્વરી સંકેત જ એવો છે કે આપણે સમૃદ્ધિયુક્ત જીવન વ્યતીત કરીએ, આપણને હિતકર વસ્તુઓ પુષ્કળ મળે, કોઇ મનુષ્ય દુઃખી અને દરિદ્ર ન રહે. આવશ્યક વસ્તુઓનો અભાવ માનવસ્વભાવને અનુકૂળજ નથી.

દઢતા પૂર્વક વિચાર કરી લ્યો કે તમારી જરૂરી વસ્તુઓ સાથે તમારે એકતા છે. તમે તમારા મન, વચન, કાયાને તે વસ્તુની તરફ લગાવી દો, તેની પ્રાપ્તિમાં લેશ પણ સંદેહ ન રાખો, તો જરૂર તમને તે પ્રાપ્ત કરવામાં સફળતા મળશેજ, તમે જરૂર તેને તમારા તરફ ખેંચી શકશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરિદ્રતા–ગરીબી એ આપણો માનસિક રોગ છે. જો તમે એનાથી પીડિત હો, જો તમે એ રોગના ભોગ થઇ પડ્યા હો તો તમારા માનસિક ભાવોને બદલી નાંખો, દુ:ખ, દરિદ્રતા કે લાચારીના વિચારો કરવાને બદલે સુખ, સમૃદ્ધિ, ઐશ્વર્ય, સ્વાધીનતા તથા આનંદના વિચારોથી તમારા મનોક્ષેત્રને સુશોભિત કરો. પછી તમારા આશ્ચર્યનો પાર નહિ રહે કે તમારી ઉન્નતિ કેટલા વેગથી થઇ રહી છે.

આપણા મનની વૈજ્ઞાનિક ક્રિયાથીજ આપણને વિજય–સફલતા પ્રાપ્ત થાય છે. જે મનુષ્ય સમૃદ્ધિશાળી હોય છે તેને પોતાની પૈસા કમાવાની શક્તિ અને લાયકાત પર વિશ્વાસ હોય છે, તે પોતાનું કામકાજ શંકાશીલ મનથી શરૂ નથી કરતો, તે પોતાનો સમય ગરીબાઇની વાતો કે વિચારોમાં નથી ગુમાવતો. તે તો હમેશાં પોતાનું મુખ તેજ વસ્તુ તરફ રાખે છે કે જે મેળવવા તે પ્રયત્ન કર્યા કરે છે અને જેની પ્રાપ્તિ માટે તેને પૂરો વિશ્વાસ તથા દૃઢ નિશ્ચય હોય છે

દેશની અંદર એવા હજારો ગરીબ લોકો છે કે જેઓ પોતાની ગરીબાઇથી અર્ધસંતુષ્ટ થઇ ગયા છે અને જેઓએ તેના ભયંકર પંજામાંથી છુટવાનો પ્રયત્ન કરવાનું છોડી દીધું છે. હવે તેઓ ગમે તેટલો કઠિન પરિશ્રમ કરે તોપણ તે નકામો છે. કેમકે તેઓએ સ્વાધીનતા પ્રાપ્ત કરવાની પ્રત્યાશાનો નાશ કરી દીધો છે. ઘણા મનુષ્યો એવા હોય છે કે જેઓએ ગરીબાઇના ભયથી જ પોતાની જાતને ગરીબ બનાવી હોય છે.

એવું જોવામાં આવે છે કે અનેક બાળકોના મન ગરીબાઇના વિચારોથી જ ભરી દેવામાં આવે છે, સવારથી સાંજ સુધી તેઓ ગરીબાઇના જ વિચારો સાંભળ્યા કરે છે. જ્યાં જ્યાં તેઓની દૃષ્ટિ પડે છે ત્યાં ત્યાં દરિદ્રતાનું જ ચિત્ર તેઓની નજરે પડે છે. તેઓ દરેકના મ્હોંએથી એવાજ આત્મઘાતક વિચારો સાંભળે છે. મતલબ કે તેઓમાં ચારે બાજુથી દરિદ્રતાની જ પ્રેરણા થયા કરે છે. આવી જાતના વાતાવરણમાં ઉછરેલા બાળકો મોટી ઉમરે પોતાના માબાપની દૈન્યગ્રસ્ત સ્થિતિને ફરી તાજી કરે તો એમાં શું આશ્ચર્ય ?

તમે કદિ પણ વિચાર કર્યો છે કે તમને ગરીબાઇનો જે ભય લાગે છે, સફળતામાં તમને જે અવિશ્વાસ છે અને દુર્દિનથી તમારૂં હૃદય કંપે છે એ બધી વાતો તમને કેવળ દુ:ખી કરે છે એટલું જ નહિ પણ તમને તમારી આર્થિક સ્થિતિ સુધારવાને લાયક પણ રાખતી નથી. એ રીતે તમે તમારી પરના દુ:સહ ભારને અધિક દુ:સહ બનાવી મૂકો છો.

તમારી આસપાસનું દૃશ્ય ભયંકર હોય તેની જરાયે ફિકર નહિ, તમારી પરિસ્થિતિ કઠોર હોય તેની પણ ફિકર નહિ, પરંતુ જે વસ્તુ તમને અહિતકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જણાય તે વસ્તુથી તમારા મનને હઠાવી લ્યો, જે સ્થિતિ તમને ગુલામ બનાવે છે અને જે તમારા વિકાસમાં હરકત પહોંચાડે છે તેના તરફથી તમારૂં મુખ ફેરવી લ્યો.

દુ:ખ દરિદ્રતાના વિચારો સેવીને કયા તત્વોથી તમે સમૃદ્ધિ ઉત્પન્ન કરી શકો તેમ છો ? આપણી સ્થિતિ આપણા માનસિક ભાવોને અનુકૂળ જ રહેશે. આપણા આદર્શ, આપણા માનસિક ભાવો આપણા આત્મામાં જ પેસી જાય છે, જો તે દરિદ્રતાના વિચારોથી ગ્રસ્ત હશે તો આપણી દશા પણ એવી જ થશે એ નિર્વિવાદ છે.

ધારો કે એક યુવક વકીલ થવાનો પ્રયત્ન કરી રહ્યો છે, પરંતુ એને આશા નથી હોતી કે એમાં તેને પુરી સફલતા મળશે તો જરૂર તેના પ્રયત્નો સફલ નહિ થાય. જેની આપણે આશા રાખીએ છીએ તેની જ આપણને પ્રાપ્તિ થાય છે. જો આપણે કશી વસ્તુની આશા ન કરીએ તો આપણને કશું નહિ મળે. નદી પોતાના ઉદ્ગમ સ્થાનથી વધારે ઉંચી નથી જઇ શકતી. જે મનુષ્ય ગરીબ થવાની અડધી કે આખી આશા રાખે છે તે કદિપણ ધનવાન બની શકતો નથી.

પ્રત્યેક મનુષ્યે પોતાના સૌભાગ્ય સૂર્યની તરફ મુખ રાખીને સીધા ઉભા રહેવું જોઇએ. વિજય તથા સુખ ઉપર દરેક મનુષ્યનો સ્થાયી અધિકાર છે. કેટલાક લોકો પૈસા કમાવા ઇચ્છે છે, પરંતુ તેઓ પોતાનું મન એટલું બધું સંકુચિત રાખે છે કે તેઓ પુષ્કળ પૈસા મેળવી શકતા નથી. જે મનુષ્ય સમૃદ્ધિની આશા રાખે છે તે હમેશાં પોતાના મનોમંદિરમાં સમૃદ્ધિને ઉત્પન્ન કરતો રહે છે, આર્થિક ઈમારત ઘડતો જ રહે છે.

ચાલો, ત્યારે આજથી જ આપણે સુખ સમૃદ્ધિની નવી મૂર્તિ—નવો આદર્શ બનાવીએ. આપણે ઘણા દિવસ સુધી દરિદ્રતા, દુ:ખ તથા દુર્ભાગ્યના માલીક સેતાનની આરાધના કરી. આપણને દરેક વસ્તુ પ્રાપ્ત થવાની છે એ વિચાર મજબૂત કરી લઇએ. જો આપણે પરમાત્માની સાથે તલ્લીન થઈ જઇએ, તેની સાથે નિકટ સંબંધ કરી લઇએ તો પરમાત્માના અનંત ભંડારમાંથી દરેક ચીજ આપણને પુષ્કળ મળશેજ અને આપણને કોઇ પણ જાતની ન્યૂનતા નહિ રહે.

તે મનુષ્ય ગરીબ નથી કે જેની પાસે થોડા પૈસા છે અથવા મુદલ પૈસા નથી, પરંતુ ખરો ગરીબ તો એ છે કે જે દરિદ્રતાના વિચારોમાંજ ગ્રસ્ત રહે છે, જેની સહાનુભૂતિમાં દરિદ્રતા ઝળકી રહેલી છે, જેના વિચારોમાં દરિદ્રતાની જ ઝાંખી થાય છે. આ જાતની માનસિક દરિદ્રતા જ આપણને ગરીબ બનાવે છે.

ઘણા થોડા લોકો જાણે છે કે મનના સાહસિક કાર્યમાં અજબ શકિત ભરેલી છે. દૃશ્ય સંસારમાં પ્રકટ થયા પહેલાં દરેક વસ્તુ માનસિક સંસારમાં પ્રકટ થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. જો આપણે આપણી માનસિક સૃષ્ટિમાં કોઇ પણ વસ્તુને સારી રીતે નિર્માણ કરી શકશું તો દૃશ્ય સૃષ્ટિમાં પણ એને સારી રીતે પ્રકટ કરી શકશું.

કોઇપણ લક્ષાધિપતિ માણસ પહેલાં માનસિક સૃષ્ટિમાં સમૃદ્ધિશાળી સ્થિતિને ઉત્પન્ન કરે છે. જેને લઇને સમૃદ્ધિ તેની તરફ પૂર્ણ વેગથી આવી પહોંચે છે. મોટા સમૃદ્ધિશાળી પુરૂષો પોતાના હાથે ઘણાં થોડાં કામ કરે છે, પરંતુ તેઓ ખાસ કરીને પોતાના મનમાં સમૃદ્ધિની ઇમારત ઉભી કરે છે. તેઓ કાર્ય કરતાં છતાં સ્વપ્નો રચ્યે જાય છે, તેઓ પોતાના માનસિક પ્રવાહને અનન્ત શક્તિના મહાસાગર ભણી પ્રવાહિત કરે છે અને પોતાના આદર્શ–અભિલાષાને અનુકૂળ ફળો એમાંથી મેળવી લે છે.

સમૃદ્ધિના નિયમોનું યોગ્ય પાલન કરવાથી જેવો પ્રત્યક્ષ લાભ થાય છે તેવો કંજુસાઇથી નથી થતો. કંજુસાઇથી આપણો આત્મા મલીન, સંકીર્ણ અને અનુદાર થઇ જાય છે અને તેનાથી આપણને જરા પણ લાભ નથી થતો. આપણે આપણા મનોયોગની તરફ જઇએ છીએ. જો આપણે આપણા મનને દુઃખ, દરિદ્રતા તરફ ફેરવશું તો આપણને એવી જ દશા પ્રાપ્ત થવાની.

સૌભાગ્ય અને સમૃદ્ધિને અમે એવા અર્થમાં લઇએ છીએ કે જે જે વસ્તુ આપણને લાભકારક હોય છે તે આપણને મળતી રહે છે. આત્માને પ્રકાશિત કરનારી પ્રત્યેક વસ્તુ આપણને પુષ્કળ પ્રમાણમાં મળી રહે છે. જે વસ્તુ આપણા વ્યક્તિત્વને –આપણા જીવનને–આપણા અનુભવને વૈભવશાળી કરે છે તેનું જ નામ સૌભાગ્ય અથવા સમૃદ્ધિ.

સાચું સૌભાગ્ય, સાચી સમૃદ્ધિ તો આત્મિક વૈભવ–આત્મિક પૂર્ણતાનું આન્તરિક જ્ઞાન જ છે.

## અનુભવ-વચનો.

૧ જે સુખના છેડે–અંતે–પરિણામે દુઃખ થવા પામે તે સુખ નહીં અને તેવું સુખ પણ શા કામનું ?

૨ જેના છેડે–અંતે–પરિણામે સુખ થવા પામે તેવું સાધન–કાર્ય જરૂર કરીએ. તેને દુઃખ રૂપ લેખવું નહીં અને તેમાં પડતા દુઃખને ગણકારવું પણ જોઇએ નહીં.

૩ પર–પુદ્‌ગલિક વસ્તુમાં મુંઝાઇ, સહજ સ્વભાવિક આત્મિક સુખ ખોઇ બેસાય એમ ન કરવું.

૪ હું કોણ છું ? મારૂં શું સ્વરૂપ છે ? એ વિચાર શાન્તભાવે વિવેકપૂર્વક કરવો ઘટે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ જેને આત્માનું શુદ્ધ સ્વરૂપ યથાર્થ સમજાયું. અનુભવમાં આવ્યું હોય એવા નિર્દોષ અનુભવીનું વચન માર્ગ દર્શક લેઇ, સ્વીકારવું માન્ય કરવું જોઇએ.

૬ સર્વ જીવ–આત્મામાં સમદષ્ટિ રાખવી–રાખતાં શિખવું. કોઇને કશી પ્રતિકૂળતા જાણી બુઝીને ઉપજાવવી નહીં.

૭ કેમકે શકિત રૂપે સહુ જીવ–આત્માઓ સરખા છે. એમાં છુપી રહેલી શકિત વ્યકત–પ્રગટ થાય તેમ કરવા વર્તવું ઘટે.

૮ Health is wealth. આરોગ્ય–તંદુરસ્તી એ ખરી દોલત–બલ્કે–દોલતથી અધિક છે.

૯ **ઠરી અવરને ઠાર, એ છે શ્રી જિન શાસનમાં સાર.** એ અમુલ્ય હિત વચન સહુ સુખના અર્થી જીવોએ હૃદયમાં કોરી–કોતરી રાખવું ઘટે.

૧૦ ધૈર્ય અને ખંતથી ગમે તેવાં વિકટ કામ પણ પાર પાડી શકાય છે.

૧૧ વિવેકવાળા પુરૂષાર્થવડે અસાધ્ય જેવા જણાતાં કામ પણ સિદ્ધ થઇ શકે છે.

૧૨ Haste is Waste અતિ ઉતાવળ અને અધીરાઇથી કરેલાં કામ અતિ હાનિરૂપ નીવડે છે. ધીરજનાં ફળ મીઠાં આવે છે.

૧૩ મન વચન અને કાયાની પવિત્રતા સારી રીતે સાચવવાથી એટલે સ્વવીર્ય સંરક્ષણ રૂપ બ્રહ્મચર્યનું પાલન કરવાથી, સર્વ ઇષ્ટસિદ્ધિ થાય છે. **ઇતિશમ્.**

# શરીર–એક ભાડાનું ઘર.

૧ જેમ ભાડાનું ઘર વાપરીએ તોજ સારૂં રહે નહીં તો ભાડાનો જે ખર્ચ થાય તે બધો વ્યર્થ જાય છે, તેમ આ શરીરને પરોપકાર, જપ, તપ વિગેરે કામમાં વાપરીએ તો તે લેખે થાય છે, નહીં તો તેના પોષણમાં જે વ્યય કરવામાં આવે તે સઘળો વ્યર્થ જાય છે.

૨ જે આ દેહ માટીના પિંડ રૂપ છે, નાશવંત છે, નિન્દા–જુગુપ્સા યોગ્ય છે, અને રોગનું ઘર છે તેવા દેહવડે ધર્મ સાધન કરી જો આત્મહિત સિદ્ધ થતું હોય તો હે મૂઢ આત્મા ! તું તેને અર્થે શામાટે સફળ પ્રયત્ન કરતો નથી ?

૩ જે માણસ અન્યથા અનુપયોગી એવા આ દેહ તરફ મમત્વ રાખી ધર્મ સાધન કરતો નથી તે ખરેખર મૂઢ કહેવાય છે. માટે જ દેહ મમત્વ તજી સહુએ ધર્મ સાધન કરવું જોઇએ.

**ઇતિશમ્.**

# 'પ્રમાદ–વિષય.'

આ લોકમાં જે વિષય સુખ છે તે **આપાત રમ્ય** ( ભોગવતાં સારાં મધુર લાગે તેવાં છે, પરન્તુ પરિણામે તે વિરસ–કટુક–કિમ્પાકનાં ફળ જેવાં નિવડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ ખરજ ખણતાં તો મીઠી લાગે છે પણ પાછળથી તે ભારે પીડા ઉપજાવે છે. જેમ મધ્યાહ્ન સમયે ઝાંઝવાના જળ ખોટી ભ્રાન્તિ ઉપજાવે છે તેમ વિષયસુખ માટે સમજવું. તેમાં આસકિત (રાગ દ્વેષ) કરવાથી જીવને અનંતા જન્મ મરણનાં દુઃખ અનંતીવાર વેદવાં-ભોગવવાં પડે છે. વળી વિષય સુખ ક્ષણિક ક્ષણવિનાશી છે અને એક બિન્દુ માત્ર છે, ત્યારે મોક્ષનાં સુખ અક્ષય, અનંત અને અવિનાશી છે. **ઇતિશમ્.**

(**લી૰ સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી**)

# પ્રશ્નોત્તર સમસ્યાઓ.

## ભાગ ૫ મો.

(રચનાર શાહ. છગનલાલ નહાનચંદ નાણાવટી, વેજલપૂર ભરૂચ.)

### દોહરા.

નામ શું શિવપત્ની તણું, (તથા) નક્ષત્ર વીર નિર્વાણ ?
**ઉમા-સ્વાત** ઉત્તર દઇ, વહેંચો શ્રીફળ પાન. ૧
સંખ્યા ચૌદ શું સુચવે, કવણ કિરણનો સ્વામ ?
**ભુવન-ભાનુ** ઉત્તર સહી, કરીએ તાસ પ્રણામ. ૨
કાવ્ય તણા રસ કેટલા, કાવ્ય ચરણ શું નામ ?
**નવ-પદ** નિત્ય આરાધતાં, મળશે ઉત્તમ ધામ. ૩
કોણ જે જીતે શત્રુને, ઇષ્ટ મળતાં શું થાય ?
જપો નામ **જીન-હર્ષ નું**, જેથી દુઃખડાં જાય. ૪
કવણ યોગ ત્રેવીસમો, કુમુદનાથ કોણ નામ ?
**શુભ-ચંદ્ર** શુભ નામથી, સુધરશે સહુ કામ. ૫
કોણ સ્વામી વિજ્યા સતી, કોણ નિશાકર હોય ?
**વિજય-ચંદ્ર** ગુરૂ વંદજો, ઝટ જોડી કર દોય. ૬
કોણ ઝુલે રંગ મહેલમાં, કોણ રક્ષે સર નીર ?
દયા પળાવી દેશમાં, **કુમાર-પાળ** ભડવીર. ૭
જગ મોહક ધાતુ કઇ, ક્ષીર નીર કોણ ન્યાય ?
**હેમ-હંસ** ના નામથી, પાતિક દૂર પળાય. ૮
નામ શું જાનકી નાથનું, ચકોર પ્રિત કોણ સાથ ?
શિષ્ય સલૂણા હેમના, **રામ-ચંદ્ર** રળિયાત. ૯
કોણ ડોલે મોરલી સુરે, ગ્રહ નવમો કોણ નામ ?
**નાગ-કેતુ** ના નામમાં, વરતે ભાવ તમામ. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભરમ પછવાડેનો ભેદ.

જૈન કોમની જાહોજલાલી વેપાર રોજગારનેલીધે લડાઇ અગાઉ જે હતી અને જે કોમ એક વખત હીંદુસ્તાનમાં મોખરે હતી તે લડાઇના વખત દરમ્યાન એક વખત વધારે શ્રીમંત કહેવરાવવામ પણ મગરૂર હતી. પણ અફસોસ કે લડાઇના વખતમાં શ્રીમંતાઈને લીધે, કયાંથી નાણું આવ્યું? કેમ આવ્યું તે તરફ કોઇ પણે જરા પણ ધ્યાન આપ્યા સિવાય એટલો બધો ખર્ચ વધારી દીધો કે મોંઘા કપડા, ઘરેણાગાંઠા અને ત્રીજોરીઓ પણ નાણાની છલોછલ ભરાઇ ગઈ. એક વખત એવો હતો કે પવનમાં હાથ નાંખે તો પણ તેવી સ્થીતિમાં પણ હાથમાં નાણું આવી પડતું અને તે એટલું બધું નાણું એકઠું થયું કે સૌ પોતપોતાનું ભાન પણ ભુલી ગયા. લડાઇમાં મેળવેલ નાણું કેમ સાચવવું, તેમજ કેમ ઉપયોગ કરવો તેની પણ કોઇ જરા દરકાર રાખતું નહિ. આમ અચાનક આવી મળેલ નાણાને ઠેકાણે પાડવા તેનો વહીવટ કરવા તેમજ કોઇપણ રીતે રોકવા માટે કેટલાક એવા સાહસિક ખેરખાંઓ હુન્નર તથા ઉદ્યોગ ખીલવવાને બ્હાને નીકળી પડયા કે નવી નવી યોજનાઓ રચાઈ ગઇ; આ બધા સાહસોમાં કેટલી સંગીનતા હતી, કેટલી અંગત આવડત અને અનુભવ હતો તે પણ તપાસ કરવાની પરવા કોઇ ન કરતા સૌને એકના દશ કરવાની લાલચ થઇ અને થોડા શાણા, અનુભવી અને ઠાવકા ગણાતા માણસો પણ પોતાનું ભાન ભૂલી નવા નવા સાહસમાં ઝંપલાવ્યું અને આવી રીતે અંધારામાં કુદકો મારનારાઓ આ નવા વંટોળીઆમાં પોતાના નવા ઉત્પન્ન કરેલા નાણાની સાથે અગાઉના નગદ નાણા રોકડા લઇ વિશ્વાસ અને ભરોસાથી થાપણોમાં રોકી વ્યાજ ખાવાની હવાઈ આશા ઉપર સ્વપ્ના જોવા લાગ્યા પરંતુ અફસોસ કે આ એક અકુદરતી વંટોલીઓ તો જે એકદમ અલોપ થઇ ગયો અને અનેક શ્રીમંતોની લક્ષ્મી પાણીની માફક ચાલી જતા તેના અસલ સ્વભાવ પ્રમાણે પુરતી ચંચલતા બતાવતી ગઇ.

ઉપર પ્રમાણે લક્ષ્મીના ચંચળપણા તરફ જોવા પછી જે શ્રીમંતોએ નવા નવા સાહસોમાં ઝંપલાવ્યું હતું તેઓને જણાયું કે એકના દશ કરવાની આશાએ જે નાણું અગાઉ સંઘરેલું હતું, તે પણ જયારે નવા નવા ઇનવેસ્ટમેંટોમાં મુકતા તેની કીમતો ઘટતી જોઇ ત્યારે ઘટેલા ભાવો પાછા ઉપર આવશે એમ જાણી ઓછે ભાવે ખરીદી ઉંચા ભાવો સાથે રાસ કરવા જતા થયું એમ કે, જે નાણું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતે સંભાળ પૂર્વક સંઘર્યું હતું તે પણ સંડોવાતુ અને રોકાતું ગયું અને છેવટે મૂઠીમાં કાગળીઆના ઢગલા રહી ગયા. એક વખત એવો હતો કે જ્યારે સૌ " ફલાણા પાસે કેટલા લાખ " તે પૂછતું—આજે સૌ પૂછે છે કે ભાઇ " શેમાં ગુમાવ્યા. " એકવાર જે સૌ સુખી દેખાતા હતા તે અત્યારે નાણા માટે ટળવળે છે; આ બધું નાણું જતા છતાં જે કમનસીબ અને દુઃખ ભરેલી " યાદગીરી " રહી ગઇ તે ભુસાઇ શકે તેવી નથી, કારણ કે કોણ જાણે કેવા કચોઘડીઆમાં લડાઇનું નાણું આવ્યુ કે તેને પીગળી જતા વાર લાગી નહિ તેમજ કોઈ નજરે પણ જોઇ શકયું નહિ. પણ જે સુખ જોયા, જાહોજલાલી ભોગવી અને લખલુટ ખરચો વધાર્યા તે ઘટાડાતા નથી; તેમજ ઓછા થતા નથી તેજ ખેદનો વિષય છે. આજે સૌના હૃદયમાં એકજ દુઃખદાયક અંદેશો વ્યાપી રહ્યો છે કે જે જાહોજલાલી, લોકોને બતાવી તે અટકાવાય કેમ ! ખર્ચ ઓછો કરવાથી ગરીબ દેખાઈએ અને લોકો આપણી બાંધી મૂઠી લાખની હોય તે જોઇ જાય; આવા ખોટા ખ્યાલોમાં મનની નબળાઇને લીધે જે ખર્ચો વધી ગયા તે ઓછા થઇ શકતા નથી; અને અગાઉની મોટાઇ તથા ભભકો કમી કરી શકાતો નથી; અને દેખાદેખીથી હજુ પણ ગરીબાઈ દુનીઆમાં દેખાઇ જાય એ ધાસ્તીથી ખર્ચો કમી કરી શકાતા નથી; આમ કરતાં પૈસો ગયો તેની સાથે જે ગરીબાઇ આવી તેથી કરકસર કરવાની પણ ભારે થઇ પડી છે. ગરીબાઇ માણસની ખરેખરી પરીક્ષા અને કસોટી છે, થોડે પૈસે સૌથી મોટી કરકસરથી સુખી અને સંતોષી રહેવાઇ શકાય છે. ગરીબાઇ એવી ચીજ નથી કે જે માણસને શરમીંદી લગાડે. વગર પૈસે ખોટા ભભકા કરવા તે ઠાલી ઠગાઇ અને ખોટો ડોળ છે એવું આ જમાનામાં સહેલાઇથી સમજી જવાય છે. લખવાનો આશય એ છે કે દુનીઆને ખોટી રીતે એવું ન બતાવો કે તમારી પાસે શ્રીમંતાઇ હજુ ઉભી છે. સૌ જાણે છે કે નથી, તો લોકોને ઠગો ના, તમારા પોતાના અંતઃકરણને ઠગો ના, અને પૂર્વના કર્મોના સંચિત મુજબ જે સ્થિતિ પ્રાપ્ત થઇ હોય તેને તાબે થઇ સુખથી રહો ! તેમાંજ ખરૂં સુખ છે. તમે સંશય ન કરો કે આ પાઘડી કોણના માથે બંધ બેસ્તી થશે તેનો તર્ક તમે ન કરો. દુનિઆની હવાજ બદલાઈ ગઇ છે; આજે સૌ કોઇના ખીસા ખાલી થઇ ગયા છે; અને મોટો ભાગ તંગાસથી પોતાનું જીવન ગુજારે છે તે એકએકનો દાખલો જોઇ દીલસોજી મેળવો. કુદરત માણસની પરીક્ષા બે રીતે લે છે; કાં તો પૈસો આપીને અને કાં તો પૈસો ઝુંટવી લઇને. આ પરીક્ષામાં જે પસાર થાય તેજ માન અને ઇજત સાથે આ દુનિઆમાં રહી શકે છે.

**નરોતમ બી. શાહ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમાધિ.

આ શબ્દથી સામાન્ય રીતે લોકો એમ સમજે છે કે પ્રાણને રોકી દઇને લાંબો વખત સુધી શબવત્ રહેવું તે.

અમુક એક વસ્તુ અથવા વિચારની ભાવના કરતાં કરતાં એવી સ્થિતિ થઇ જાય છે કે જેમાં દેહનું ભાન ન રહે–શ્વાસોશ્વાસ ધીમો અથવા બંધ પડી જાય અને કેવળ એ વસ્તુ અથવા વિચારનુંજ દર્શન થાય એને સમાધિ શબ્દથી ઓળખવામાં આવે છે—

ઉપર કહેલી સ્થિતિ પ્રાપ્ત કરવાના માર્ગને હઠયોગ કહે છે—આવા પ્રકારની સમાધિથી સમાધિકાળમાં સુખ અને શાન્તિ હોય છે એ ઉતરી જાય એટલે જેવા બીજા માણસ તેવોજ એ માણસ. પણ સમાધિશબ્દ આ એકજ અર્થમાં વપરાતો નથી જે વસ્તુ અથવા ભાવનાની સાથે ચિત્ત એવું તદ્રુપ થઇ ગયું હોય કે એના સિવાય એ બીજું કશું દેખ્યા છતાં દેખીજ શકે નહી અથવા સર્વત્ર એનેજ જુએ–તે વિષયમાં ચિત્તની સમાધિદશા કહેવાય—

મનુષ્યની જે સ્થિર ભાવના હોય જે ભાવના કરતાં એ કદી નીચે ઉતરતો ન હોય તે ભાવનામાં એનો સમાધિ છે, એમ સમજવું. સમાધિ શબ્દનો ધાત્વર્થ પણ આજ છે–ઉદાહરણથી આ વિશેષ સ્પષ્ટ સમજાશે.

લોભી મનુષ્ય જે જે વસ્તુને જુએ તેમાં ધનનેજ ખોળે છે. ઉકરડો હોય–કે રસાળ જમીન હોય–નાનકડું ફુલ હોય કે સોના મહોર હોય એ એમાંથી કેટલું ધન પ્રાપ્ત થાય એજ તાકે છે—જે દિશાએ એ નજર નાંખે તે દિશામાંથી એ ધન પ્રાપ્તિનો સંભવ શોધે છે–એને આખું જગત ધન રૂપેજ ભાસે છે–ઉડતા પક્ષીઓનાં પીછાંઓ–જાત જાતનાં પતંગીયાંઓ–હવાવાળી ટેકરીઓ નહેર ખોદી શકાય એવી નદીઓ, તેલ કાઢી શકાય એવા કુવાઓ પુષ્કળ જ્યાં જતા હોય એવાં તીર્થ સ્થાનો—સર્વને એ ધન પ્રાપ્તિનાં સાધન રૂપે ઉત્પન્ન થયેલાં હોય એમ માને છે. આવી ચિત્તની દશાને લોભ સમાધિ કહી શકાય—

કોઇ રસાયન શાસ્ત્રી જગતમાં જ્યાં ત્યાં રસાયનિક ક્રીયાઓનાંજ પરિણામ રૂપે બધું થયેલું જુએ છે. એ શરીરમાં, ઝાડોમાં, પથ્થરમાં, આકાશમાં સર્વત્ર રસાયનનોજ ચમત્કાર જુએ છે, તેને એમ કહી શકાય કે એની રસાયનમાં સમાધિ થઇ છે.

કોઇ મનુષ્ય જ્યાં ત્યાં હિંસાથીજ જગત ચાલતું જુએ છે. મોટો જીવ નાનાને મારીનેજ જીવે છે એમ એ સર્વત્ર નિહાળે છે. અને બળાયાનેજ જીવવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધિકાર છે એવો નિયમ એ દુનિયામાં દેખે છે એને હિંસા ભાવનામાં સમાધિ થયેલી ગણાય.

વળી કોઇ બીજો માણસ આખું જગત પ્રેમના નિયમ ઉપરજ રચાયેલું જુએ છે. દ્વેષને એ અપવાદરૂપે વિકૃતિરૂપે લેખે છે. જગતનો શાશ્વત નિયમ–જગતને ટકાવનારો નિયમ પરસ્પર પ્રેમવૃત્તિ છે, એમજ એને દેખાય છે. એના ચિત્તની પ્રેમ સમાધિ છે. કોઇ ભક્ત પોતાના ઇષ્ટદેવની મૂર્તિનેજ અણુઅણુમાં પ્રત્યક્ષ દેખે છે, એની મૂર્તિને વિષે સમાધિ ગણાય.

એ રીતે જે ભાવનામાં ચિત્તની સ્થિરતા થઇ હોય તે ભાવનાની એને સમાધિ કહેવાય. તે ભાવનાની સમાધિ છે એમ કહેવાય અને દરેક મનુષ્યને આ રીતે કોઇ કોઇને કોઇ સમાધિ છે પણ જે ભાવનાઓ મનુષ્યની ઉન્નતિ કરનારી છે, એનું ચિત્ત શુદ્ધ કરનારી છે, એને સુખ દુઃખથી પર કરી શાંત કરી મુકનાર છે એ ભાવનાઓની સમાધિ અભ્યાસ કરવા જેવી કહેવાય.

એવી સાત્વિક સમાધિઓ–જ્ઞાન શક્તિ–ઉત્સાહ–આરોગ્ય વગેરે સર્વેને વધારવાવાળી છે, એ બીજાને આશીર્વાદરૂપ થઇ પડે છે. એમાં સ્થિરતા થયા પછી એમાંથી વ્યુત્થાન થતું નથી. એટલે પાછી નીચથી હલકી ભાવનામાં પ્રવેશ થતો નથી. એવી ભાવનાઓ તે મૈત્રી–કરૂણા–મુદિતા–ઉપેક્ષા વગેરે વૃત્તિઓની છે. એક વાર સ્થિરપણે પ્રાણી માત્ર પ્રત્યે મિત્રભાવના બંધાય, પછી એમાંથી ઉતરી હિંસા કે દ્વેષ થાયજ નહીં. આવી ભાવનાઓ અને શીલોના અભ્યાસથી મનુષ્ય શાન્તિ અને સત્યના દ્વાર સુધી પહોંચે.

માટે તત્વજ્ઞાનનો અભ્યાસ કરો અને વિચારો, નિર્મળ બનવા પ્રયત્ન કરો. જીવનક્રમમાં ત્યાગ કરવા લાયક, અંગીકાર કરવા લાયક અને જાણવા લાયક શું છે તેનો નિર્ણય કરો.

પોતાની શક્તિનો વિચાર કરો અને શક્તિ મુજબ ઉન્નતિક્રમમાં આગળ વધો.

આત્મ વિશ્વાસ રાખો. કોઇના ઉપર આધાર ન રાખો. તમારો ઉદ્ધાર કરવો એ તમારા પોતાના વિચાર–પુરૂષાર્થ અને ઉદ્યોગ ઉપર આધાર રાખે છે.

માન અથવા આલોક કે પરલોકના સુખની ઇચ્છા રાખ્યા વગર જેટલું સત્કાર્ય થાય તેટલું કરી લ્યો.

અમે શું કરીએ એવા નિર્માલ્ય વિચારોને કાઢી નાખી અને પ્રમાદમાં જીવન ન ગુજારો.

જો તમે ગૃહસ્થ ધર્મ અથવા સાધુ ધર્મના માર્ગમાં દ્રવ્ય અને ભાવથી શક્તિ મુજબ પ્રયાણ કરશો તો જરૂર મુક્તિ પુરીએ પહોંચ્યા વગર રહેશો નહીં.

( એક મુનિમહારાજ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આરોગ્યતા—શરીરપર મનની અસર.

શરીરથી થતાં શુભાશુભ કાર્યો મનની આજ્ઞા પ્રમાણે થાય છે. પ્રથમ વિચાર ઉત્પન્ન થાય છે પછી શરીરથી તે કાર્ય કરે છે. મનમાં ઉત્પન્ન થયેલ પ્રથમ:અનુચિત વિચારો પ્રમાણે વર્તવાથી તેની શરીર ઉપર અસર થતાં શરીર વિકારવશ કે વ્યાધિગ્રસ્ત બને છે; તેવીજરીતે શુભ વિચારો પ્રમાણે વર્તવાથી શરીર શક્તિ અને તેજમાં વૃદ્ધિ થાય છે. સ્થિતિ, સંયોગ, સંગ, ઘટનાઓ:પ્રમાણે આરોગ્યતાનુ મૂળ પ્રથમ વિચાર થઇ પડે છે. મલિન હૃદય—પાપી વાસનાઓ, અધમ જીવન અને વ્યાધિવાળો પ્રાણીને મનજ બનાવે છે. એક યુરોપીયન વિજ્ઞાનશાસ્ત્રીએ જણાવેલ છે કે જ્યારે મનુષ્ય મલિન અને પાપી વિચારો કરે છે ત્યારે તેનું લોહી ગંદુ અને એક પ્રકારના વિષવાળું બને છે, તેમજ પવિત્ર અને દયાળુ—હૃદય લોહીને અમૃતતુલ્ય બનાવી પવિત્ર જીવન અને શરીરનું પોષણ કરે છે. વિચારો પ્રત્યેક શુભાશુભ કાર્યનું જીવન છે, તેથી માત્ર ભોજન જ બદલવાથી કાંઇ થતું નથી પરંતુ વિચારોના પ્રવાહને સ્વચ્છ બનાવવાથી શરીર, અને જીવન સ્વચ્છ બને છે. જ્યાંસુધી વિચારનું પરિવર્તન ન થાય ત્યાંસુધી બીજી તમામ બાબતો બદલી હોય છતાં નકામું છે. મનુષ્યો પોતાના શરીરની બાહ્યશુદ્ધિ જાળવે છે, પરંતુ પોતાના વિચારો જ્યાંસુધી શુદ્ધ કરતા નથી ત્યાંસુધી તે પવિત્ર, ત્યાગી, કે મહાત્મા બનતા નથી. એક વિદ્વાને કહ્યું છે કે— **જો તમે શરીરનું રક્ષણ કરવા ઇચ્છતા હો તો મનનું પ્રથમ રક્ષણ કરો, જો તમે શરીરનો જીર્ણોદ્ધાર કરવા ઇચ્છતા હો તો પ્રથમ મનને પવિત્ર બનાવો.** વૈર, વિરોધ, ઇર્ષ્યા, નિરાશા તથા દ્વેષના વિચારો જ શરીરની આરોગ્યતા અને કાંતિનો ક્ષય કરે છે. કોઇપણ મનુષ્યનો ચીડીયો સ્વભાવ સંયોગથી કે અકસ્માત્ કારણથી અસંતુષ્ટપણાથી ઉત્પન્ન થાય છે. ચ્હેરાને શુષ્ક બનાવનાર જેને કરચલીયો પડેલી કહીયે છીયે, તે મિથ્યાભિમાન તથા દુષ્ટતાના વિચારોથી બને છે. જે મનુષ્ય આનંદ, પ્રમાણિકપણુ, શાન્તિ અને મનુષ્ય પ્રેમના વિચારો સ્વતંત્રતાથી મનમાં લાવે છે તેની આકૃતિ પ્રફુલ્લિત અને શાંત થતાં શરીર બળવાન બને છે. કેટલાક મનુષ્યો વૃદ્ધ છતાં તેમના ચ્હેરાપર કરૂણા, સહાનુભૂતિના, તેમજ કેટલાકના મુખ ઉપર દ્રઢતા તથા પવિત્રતાના વિચારોના ચિહ્નો, અને કેટલાકની મુખાકૃતિપર ગુસ્સાના, બલાત્કારના ચિહ્નો સ્પષ્ટ દેખાય છે. જે મહાનુભાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્યે પોતાનો જીવનક્રમ સત્ય, પ્રમાણિકપણું, દયા, મનુષ્યપ્રેમ વગેરેના માર્ગપર ચલાવ્યો છે, તેમની વૃદ્ધાવસ્થા થયેલ હોવા છતાં તેમના મુખ ઉપર શાંતિ, આનંદ, સુખ વગેરે ખુલ્લી રીતે જણાય છે. મનુષ્ય દેહમાં સાડી ત્રણ કરોડ રોમરાય અને એકએક રોમરાયે પોણાબબ્બે વ્યાધિઓ શાસ્ત્રકાર મહારાજે કહેલ છે, તો તેમાંથી એક પણ શારીરિક વ્યાધિ આવે ત્યારે તેને દૂર કરવા માટે પવિત્ર વિચારોનું વાતાવરણ અને આનંદના વિચારો સિવાય અન્ય એક પણ ઉત્કૃષ્ટ વૈદ્ય કે દવા નથી એમ અનુભવી અને વિદ્વાન મહાત્માઓ કહે છે. નિરંતર પરનું અહિત ( પૈસા, કીર્તિ કે મહત્વાકાંક્ષા માટે ) કરવાની ઇચ્છા રાખવી, કૃત્રિમ ત્યાગ કે સજ્જનતા–ગૃહસ્થીપણું ( નિરંતર દંભ સેવવા છતાં ) દુનિયાને બતાવવું, ઇર્ષ્યાના વિચારોમાં નિરંતર રહેવું એ પોતાથી બનાવેલ બંદીખાનામાં પોતે પુરાવા જેવું છે; તેને બદલે કોઈપણનું કલ્યાણ કરવાના વિચાર કરવા, સર્વ સાથે હૃદયપૂર્વક હળીમળીને ચાલવું, બોલવું, દંભ અને ઇર્ષ્યા કે વૈરનો બદલો લેવાના વિચારોને તિલાંજલી આપવી, કોઇ પણ મનુષ્યના હિતનું અવલોકન કરવું તથા નિસ્પૃહીપણાના વિચારો કરવા તે સ્વર્ગના દ્વાર ખુલવા જેવું છે. જે મનુષ્ય દરેકના માટે શુભ વિચારો કરતો હશે તેને આત્મામાં પૂર્ણ શાંતિ અને અપૂર્વ સુખ તથા આરોગ્યતા પ્રાપ્ત અવશ્ય થશે.

( આત્મવલ્લભ )

## પ્રકીર્ણ

## મુંબઇ જૈન સેનીટરી એસોસીએસનની કમીટીના માન્યવર સભ્યોને એક નમ્ર સુચના.

આજે ચાર વર્ષથી નાગદેવી સ્ટ્રીટમાં શ્રી ગોધારી વીસાશ્રીમાલી જૈન દવાખાનાની શરૂઆત થઇ છે. તેના કાર્યવાહકોની ખંત અને સેવાભાવનાથી ( આર્થિક સહાય જોઇએ તેવી ન છતાં પણ ) તે દવાખાનાનું કાર્ય યોગ્ય રીતે ચલાવી અનેક રોગી મનુષ્યોને દવા આપી આરોગ્યતા અર્પે છે તે જાણીતી હકીકત છે. તે સાથે આ ખાતા તરફથી તેના કાર્યવાહકો તરફથી આરોગ્યતાનું જ્ઞાન ફેલાવવા અર્થે મુંબઇના જુદા જુદા લતામાં અજ્ઞાનતાના શ્રાપ, શિતળાના રોગ, બીચારા શું જાણે, વગેરે નામની સીનેમાની ફીલ્મો કેટલેક સ્થળે જૈન ભાઇઓ તથા બ્હેનોને મફત બતાવવામાં આવી હતી. આ જાતનું પ્રચાર કાર્ય કરવા માટે જાણવા પ્રમાણે જૈન સેનીટરી એસોસીએશન તરફથી નીમાયેલ ચાર માન્યવર બંધુઓ તરફથી રૂા. ૧૫૦૦) આ દવાખાનાની કાર્યવાહી કમીટીને સોંપવામાં આવેલ હતાં, પરંતુ તેટલી રકમ કયાં સુધી પહોંચી શકે ? જેથી કદાચ આ દવાખાનાના કાર્યવાહકોએ તે કાર્ય પડતું મુકયું હોય તો તે બનવા જોગ છે, પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આરોગ્યતાના જ્ઞાનનો ફેલાવો કરવા માટે આ ફીલ્મો બતાવવાનું કાર્ય અને યોજનાનો પ્રચાર મુંબઇના જૈન ભાઇઓ બ્હેનોની આરોગ્યતા માટે ઘણોજ ઉપયોગી છે, જેથી આ દવાખાનાની કાર્યવાહી કમીટી તે યોજના શરૂ રાખે, તે માટે જૈન એસોસીએસન સંસ્થા પાસે એક સારી રકમ ફાજલ પડી છે, તે તમામ રકમ જૈન એસોસીએસનના મુખ્ય કાર્યવાહકો કે જનરલ સભા આવા આર્શિવાદ સમાન આરોગ્યતાનું જ્ઞાન ફેલાય તે માટે, મુંબઇ અને આસપાસના પરા અને સિવાય બીજા બહાર ગામોમાં તે શરૂ રહે તે માટે શ્રી ગોઘારી વીશાશ્રીમાલી જૈન દવાખાનાની કાર્યવાહક કમીટીને તે રકમ સોંપી દે અને તેથી તેવા ઉત્તમ ( સીસ્ટેમેટીક અને પ્રેકટીકલ કાર્ય ) ચાલુ રહેવા પામે તેમ થવાની અમે જરૂર જોઇએ છીએ. જૈન સેનીટરી એસોસીએસનની કમીટીના માનવંતા સભ્યો તે રકમ તેમને સોંપી દે એવી નમ્ર સુચના કરીએ છીએ.

# સ્વીકાર અને સમાલોચના.

**શ્રી ગોઘારી વિશાશ્રીમાળી જૈન દવાખાનું મુંબઇ-નાગદેવી સ્ટ્રીટનો ચોથો** સં. ૧૯૮૪ ની સાલનો રિપોર્ટ મલ્યો છે. વીશાશ્રીમાળી જૈનનું દવાખાનું છતાં ત્રણે ફીરકાઓના જૈન દરદીઓને લાભ આપવાની ઉદારતા અને વ્યવસ્થિત રીતે કાર્યવાહી જોતાં તે ખાતું પ્રશંસાપાત્ર છે એમ કહેવું પડે છે. હજુ ટુંકી શરૂઆત છતાં રીપોર્ટવાળા વર્ષમાં કુલ ૮૮૦૦) દરદીઓએ આ દવાખાનાનો લાભ લીધો તે જોતાં આ ખાતું જૈન સમાજને આશિર્વાદ સમાન છે. શા માટે ત્રણે ફીરકાઓના જૈન બંધુઓ આ ખાતે આર્થિક સહાય આપી તેની જરૂરીયાત પુરી ન કરે ? જાણવા પ્રમાણે કાયમ ચલાવવા માટે સારા ફંડની શરૂઆત થઇ છે તે ખુશી થવા જેવું છે. સીનેમા દ્વારા આરોગ્યતા માટે સમજ આપવાનો પ્રબંધ પ્રશંસનીય છે. હિસાબ તથા વહીવટ યોગ્ય છે, અમો તેની વૃદ્ધિ આબાદિ ઇચ્છીએ છીએ.

**શ્રીસ્થંભન તીર્થ જૈન મંડલ-મુંબઇ પત્રિકા નં. ૩૩ "આપણે કયાં ઉભા છીયે"** એ નામની પત્રિકા તેના કાર્યના હેવાલ સાથે મળી છે. આ પત્રિકાની શરૂઆતમાં યુવકવર્ગને આપણે કયાં ઉભા છીએ અને અત્યારે યુવકોનું સ્થાન અને ફરજ શું છે ? તે સંક્ષિપ્ત બતાવેલ છે જે યુવકોને જાણુવા—વાંચવા વિચારવા જેવું છે. પાછળ આ મંડલની કેળવણી ફંડ સમિતિની તથા ચૈત્યવ્યવસ્થાપક કમીટીની કાર્યવાહી, વ્યાયામશાળાની ખંભાત શહેરમાં થયેલ ગોઠવણ અને મંડળનું પ્રકાશન ટુંકમાં શ્રી સ્થંભતીર્થ જૈન મંડલે આપેલ છે. આવી પત્રિકાઓ પ્રકટ કરી કરેલ કાર્યવાહી સમાજની જાણ માટે પોતાના યોગ્ય વહીવટ માટે બહાર પાડવી તે વિશ્વાસપાત્ર થવા સાથે આવકારદાયક છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીએ છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આદર્શ સાધુ, લેખક-શ્રીયુત બંસી-પ્રકાશક શ્રી જૈન સસ્તુ સાહિત્ય કાર્યાલય-કલોલ**—"આદર્શ જૈન" ની શૈલીથી વાકયોના કાપલા કાપલા કરી અને તેમ કરતાં વાચક તે તે પદે થોભી તેના ઉપર બુદ્ધિપૂર્વક વિચાર કરે તેવા હેતુથી આ ગ્રંથની યોજના કરી હોય તેમ જણાય છે. જૈન સાધુ એ ઉચમાં ઉચ્ચ કોટીનું માનવ છે અને તે પદના ગુણોનું વર્ણન લેખક મહાશયે પોતાની કલ્પનાથી જેટલું સુંદર બનાવી શકાય તેટલું બનાવી કાંઇક વર્તમાનની સાથે ઝાંખી કરાવા તે સર્વના સંગ્રહ આ ગ્રંથમાં કર્યો છે, જેથી સાધુ મહારાજનો આદર્શ ખડો થાય છે. આ ગ્રંથની લખાવટમાં પ્રેરણા, સંસ્કાર, સુવાસ, સાથે ગૌરવતા જણાય છે. ગ્રંથ લઘુ છતાં વાંચવા અને વિચારવા જેવો છે. સર્વ જૈન ફીરકાના મનુષ્યોએ પછી તે ત્યાગી કે ગૃહસ્થી સર્વેને વાંચવા જેવા છે. કિંમત ૦-૪-૦

---

**કૃતઘ્ની કેશર-લેખક-શાહ શિવજી દેવસિંહ મઢડાવાળા. પ્રકાશક-શિવસદન, મઢડા (કાઠીયાવાડ)**—આ કથા કલ્પિત છતાં બોધક એટલા માટે લખાયેલ છે કે, લેખક શિવજી ભાઇના દેશાટનમાં અનેક મનુષ્યના પરિચયમાં પોતે આવવાથી થયેલ અનુભવની ઝાંખી તેમાં છે. બિન કેળવાયેલા છતાં નાના ગામોમાં સાદું જીવન જીવનારા ગામડીયાને ઉદ્દેશીને લખાયેલ હોવાથી તે માંહેની ભાષા સાદી, સરલ છે કે જેથી તેવા મનુષ્યો સહેલાઇથી લાભ લઇ શકે. કરેલા ઉપકારનો બદલો વાળવાની વૃત્તિ, વિવેકબુદ્ધિ, વૈરાગ્ય, અને સત્સંગ આ ગુણોની જે મનુષ્યોને જરૂર છે તે આ ગ્રંથમાંથી મળી શકે છે. છેવટે સત્સંગ ગુરૂભકિતથી કેશરબાઇનું કલ્યાણ કેમ થયું તે કેમ સુખી થઇ તે આ બુકના છેવટના ભાગમાં આપવામાં આવતાં ગ્રંથ પૂર્ણ કર્યો છે. એકંદર રીતે ગ્રંથ મનન કરવા જેવો છે. કિંમત રૂા. ૧-૮-૦ પ્રકાશકને ત્યાંથી મળશે.

**શ્રીમાન્ મુનિ મહારાજ શ્રી મોહનલાલજી જૈન સેંટ્રલ લાઇબ્રેરી તથા સંસ્કૃત પાઠશાળા**—મુંબઇ-સં. ૧૯૨૫ ના જાનેવારીથી સં. ૧૯૨૭ ના ડીસેમ્બર સુધી બે વર્ષનો રીપોર્ટ તથા હિસાબ. પ્રતિવર્ષ ઉપરોકત બંને સંસ્થાઓનો મુંબઇમાં જન સમાજ સારો લાભ લે છે. અઢાર વર્ષ થયા સ્થાપન થયેલ આ સંસ્થા વ્યવસ્થિત રીતે કાર્ય કરે છે-કમીટી વ્યવસ્થિત રીતે કાર્યવાહી ચલાવે છે, આ સંસ્થાને હવે જગ્યામાં સંકોચ પડે છે માટે પાયધુની જેવા જાહેર લતા ઉપર પોતાનું મકાન વસાવી લેવાની જરૂર છે, તેમજ ખર્ચને પહોંચી વળવા સારા ફંડના પણ તેની વિશેષ પ્રગતિ માટે જરૂર છે. અમોએ જ્યારે જ્યારે સમાલોચના કરી છે ત્યારે મુંબઇના શ્રીમંત જૈન બંધુઓને તે માટે નિવેદન કરેલું છે. તેમ બને તો બન્ને સંસ્થાનો મુંબઇની પ્રજા વિશેષ લાભ લઇ શકે. આ વખતે પણ તેજ સૂચના કરીએ છીએ, અમો આ સંસ્થાની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

---

## નીચેના પુસ્તકો રીપોર્ટ ભેટ મળ્યા છે તે સાભાર સ્વીકારવામાં આવે છે.

૧ અમેરીકામેં જૈન ધર્મકી ગુંજ દુસરા ભાગ અનુવાદક પં. ભાગમલ મોદગલ પ્રકટકર્તા મંત્રી શ્રી આત્માનંદ જૈન ટ્રેકટ સોસાયટી અંબાલા.

૨ કુદરતી ઇલાજ કર્તા જયચંદ મહારાજ.

૩ જૈન પ્રવચન-જૈન ધર્મના વ્યાખ્યાનો—અંક ત્રીજો. વ્યાખ્યાનકાર મુનિરાજ શ્રી રામવિજયજી પ્રકાશક શાહ હઠીચંદ દીપચંદ મુંબઇ ખલાસી ચકલો હરખચંદ કપુરચંદનો માળો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વિમલનાથ પ્રભુનું ચરિત્ર.

**શેઠ શ્રી અમરચંદ હરજીવનદાસની સહાયવડે તેમની સીરીઝ તરીકે આ ગ્રંથ છપાયેલ છે.**

અદ્વિતીય જીવન ચરિત્રના શિક્ષારૂપ બોધપ્રદ આ ગ્રંથ છે. આ ગ્રંથની રચના સંવત ૧૪૫૨ ની સાલમાં શ્રી જ્ઞાનસાગરસૂરિ મહારાજે કરી છે. પ્રભુ શ્રી વિમળનાથ મહારાજના પૂર્વભવો સહિતનું સંપૂર્ણ ચરિત્ર, સાથે ધર્મનો પ્રભાવ, ભેદો, શ્રાવકના વ્રતોના અધિકાર, અને જૈન ધર્મના શિક્ષણનો સુંદર ઉપદેશ વિવિધ પાંત્રીશ કથાઓ સહિત આપેલ છે. આ ચરિત્રની રચના પ્રતિભાશાળી, મનોહર, રસગૌરવ શૈલીથી અલંકૃત છે. ગ્રંથની રચના અલૌકિક, અને તેમાં છુપાયેલ તાત્ત્વિક બોધ અસાધારણ હોઇ તે વાચકના આત્માને શાંત રસ પ્રગટાવી, ધર્મ રૂપી કલ્પવૃક્ષનું સ્વરૂપ સમજી, તેનો પ્રભાવ જાણી તેનો આદર કરતાં મોક્ષ સન્મુખ લઇ જાય છે. આ ગ્રંથમાં જે મહાન પ્રભુનું ચરિત્ર આવેલ છે, તે સમયમાં દેશની સામાજિક, નૈતિક, રાજકીય અને ધાર્મિક પ્રવૃત્તિ કેવી હતી તેનું પણ પઠન કરનારને ભાન થાય છે. શરૂઆતમાં અઢીદ્વીપ સંબંધી ગ્રંથકાર મહારાજે સંક્ષિપ્ત વર્ણન આપેલ હોવાથી, આ ચરિત્રવાંચનથી ભૂતકાળના ઇતિહાસ સાથે જૈન ભૂગોળનું પણ જાણપણું થાય છે. એકંદર રીતે આ ગ્રંથ દરેક મનુષ્યને પઠન પાઠન કરવા જેવો હોઇ પોતાના નિવાસસ્થાનમાં, ભંડારમાં પુસ્તકાલયમાં હોવો જોઇએ. રોયલ આઠ પેજી પીસ્તાળીશ ફોર્મ સાડા ત્રણશેંહ પાનાનો ગ્રંથ સારા કાગળો ઉપર સુંદર ટાઇપથી ગુજરાતી ભાષામાં છપાવી સુંદર કપડાના બાઇંડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂા. ૧–૧૨–૦ પોસ્ટેજ જુદું.

# જૈન નરરત્ન ભામાશાહનું ચરિત્ર.

હાલના સમયમાં ઇતિહાસનો અભ્યાસ, વાંચન, કથાઓનો આદર જૈન સમાજમાં કેટલાક અંશે વૃદ્ધિગત થતો જોવામાં આવતો હોવાથી, તેમજ દેશમાં, સમાજમાં પણ દેશ અને સમાજ-સેવાનો પવન જોશભેર ફુંકાતો હોવાથી, અમુક અંશે અમુક મનુષ્યો તેવી સેવા કરતા–ઇચ્છતા હોવાથી પ્રસંગાનુસાર તેમની ભાવનામાં વધારે બળ મળે એ આશયથી ઇતિહાસપ્રસિદ્ધ જૈન કુલભૂષણ ભામાશાહનું ચરિત્ર ઐતિહાસિક દ્રષ્ટિએ તૈયાર કરાવી છપાવેલ છે. આ ગ્રંથમાં નરરત્ન ભામાશાહનો જ્વલંત દેશ તથા સમાજ પ્રેમ–સેવા અને શ્રીમાન્ હીરવિજયસૂરીશ્વરજીની અહોનિશ ધગધગતી જ્વલંત શાસનદાઝ એ બંને આદર્શો સાથો-સાથ ઉભા રહી રાષ્ટ્ર અને ધર્મપ્રેમના પ્રકાશો પાડી રહ્યા છે જે વાંચતાં તે મહાપુરૂષની પ્રભા આપણા જીવનમાં વણી લેવાને સ્હેજે લલચાઇયે છીયે.

શુમારે છત્રીશ ફોર્મ ત્રણુશેં પાનાનો સચિત્ર ઉંચા કાગળ ઉપર સુંદર ટાઇપમાં છપાવી સુશોભિત બાઇંડીંગથી ગ્રંથ અલંકૃત કરેલ છે. કિંમત બે રૂપીયા. પોષ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " સંપત્તિ સાધન છે, સાધ્ય નહિ "

" મનુષ્યના વિકાસમાં સંપત્તિ આવશ્યક સાધન છે અને દરેકને એ સાધન આવશ્યક પ્રમાણમાં મળી શકવું જોઈએ. મુસાફરીમાં કોઇ ઠેકાણે ઉતારો કરવો હોય તો નજીકમાં પાણી મળવું જોઇએ, અને પાણી ન મળે ત્યાંસુધી પાણી એજ શોધનો વિષય બને, પણ, પછી મુસાફરીનો મૂળ ઉદ્દેશ ભૂલી જઇએ અને મુસાફરીમાં પાણીની બહુ જરૂર પડે છે, માટે દુનિયામાં જે જે પાણીના તળાવ, કુવા વગેરે હોય તે બધાને જોઇ વળવા, તેને મેળવી લેવા અને તેની ચોકી કરવા બેસી જઇએ, તો આપણી પાસે પાણી ઘણું થશે એ ખરૂં, પણ આપણી મુસાફરી અટકી પડશે, અને મુસાફરીનો મૂળ ઉદ્દેશ અસિદ્ધ રહેશે. પાણી એ કેવળ સાધન જ છે, સાધ્ય નથી, એ વાત ભૂલી જવાથી એમ થાય. એજ પ્રમાણે સંપત્તિ વિષે છે. સંપત્તિ એ ઉન્નતિમાં એક સાધન છે. એ સાધન ન હોય ત્યાંસુધી એને માટે પુરૂષાર્થ આવશ્યક થાય. પણ, જ્યારે એ મનુષ્યજીવનનું સાધ્ય જ બની જાય છે, ત્યારે અનર્થ પરંપરા જાગે છે અને જીવનનું ધ્યેય ભૂલી જવાય છે. જેમ પોતાને તંગી પડવાની ધાસ્તીએ કોઇ મુસાફરોની ટોળી પાણીમાં બધાં સ્થાનોનો કબજો કરી લે, ત્યારે બીજા મુસાફરોને તંગી વેઠવી પડવાની જ, અને તે જો નબળા ન હોય તો, પહેલી ટોળી જોડે ઝગડો મચાવવાનાજ. એમ જો મનુષ્યનો એક વર્ગ સંપત્તિનો કબજો એક હથ્થુ કરવા પ્રયત્ન કરે તો બીજાઓને તંગી ભોગવવી પડવાની જ અને તે, જો સાવ મરણતોલ ન થઇ ગયા હોય તો, મરણીયા થઇને યે ઝગડો મચાવવાના પણ જો પહેલા મુસાફરોની ટોળી ડાહ્યા માણસોની હોય તો તે પાણીની પાછળ ગાંડી નહિ બને. એ રહેશે ત્યાંસુધી પાણી વાપરશે-અને સંભાળીને વાપરશે, અને પછી બીજા મુસાફરોને રાજીખુશીથી સોંપી દેશે. પાણીને સાચવવા માટે પોતાની મુસાફરી પડતી નહિ મેલે.

તેમ વિચારી માણસ હોય તે સંપત્તિ ન હોય ત્યાંસુધી ન્યાય માર્ગે તે મેળવવાનો પ્રયત્ન કરે. તે દ્વારા પોતે જેટલો થઇ શકે તેટલો વિકાસ પણ સાધી લેઃ-જેમકે, સંસ્કાર, શિક્ષણ, અનુભવ વગેરે મેળવે, તે દ્વારા સુખ સગવડ પણ મેળવે અને સત્કર્મો પણ કરે. પણ વિચારી માણસને ક્યારેય પણ આ સત્ય સ્ફુરવું જોઇએ કે સંપત્તિ એ એક સાધન જ છે; સાધ્ય નથી. સંપત્તિની પ્રાપ્તિથી કેટલોક વિકાસ સધાય છે, પણ બધો નહિં. સંપત્તિ પ્રાપ્ત કર્યા પછી એની ઉપર બેસી રહેવાથી નહિ પણ પછી તો સંપત્તિના ત્યાગથી જ આગળ પગલું માંડી શકાય છે. જે એ ત્યાગ કરવાની હિંમત નથી બતાવતો, તે પેલા મુસાફરોની માફક પોતાની પ્રગતિ રોકી દે છે. "

શ્રી કિશોરલાલ મશરૂવાળા.

For Private And Personal Use Only